
સંતવાણી ગ્રંથાવલિ ૧૬

# શ્રી સ્વામી રામદાસ



# શ્રી સ્વામી રામદાસ

(કનહનગઢ-કેરાલા)

**(Shri Swami Ramdas, Kanhangad-Kerala)**


સંકલન

**પ્રા. શ્રી મગનલાલ પંડ્યા**

(કિલ્લાપારડી)



**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪
(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨
(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫
(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧
(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧
(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પૂર્વજીવન | ૧ |
| ૨. | ગૃહત્યાગ અને સંન્યાસ | ૪ |
| ૩. | દક્ષિણ ભારતમાં | ૫ |
| ૪. | પૂર્વ ભારતમાં | ૧૨ |
| ૫. | ઉત્તર ભારતમાં | ૧૫ |
| ૬. | પશ્ચિમ ભારતમાં | ૨૩ |
| ૭. | અને પાછા દક્ષિણમાં | ૨૬ |
| ૮. | આશ્રમસ્થાપના, પ્રવાસો, મહાનિર્વાણ | ૩૦ |
| ૯. | સ્વામીજીના વ્યક્તિત્વની કેટલીક વિશેષતાઓ | ૩૩ |
| ૧૦. | સ્વામીજીની વાણી | ૩૫ |

## પ્રકરણ ૧

# પૂર્વજીવન

પ્રાચીન કાળથી ભારતભૂમિ એક વાતમાં અત્યંત નસીબદાર રહી છે. વૈદિક કાળના ઋષિઓએ તપ અને ત્યાગમય ઉગ્ર સાધનાથી જે ભૂમિના કણકણને પવિત્ર બનાવી દીધો હતો એવી આ પુણ્યભૂમિમાં તે પછીથી આ પાવન સાધનાની ભાગીરથીનો પ્રવાહ ક્યારેય સુકાયો નથી. થોડા થોડા કાળના અંતરે દેશના જુદા જુદા ભાગમાં કોઈ ને કોઈ મહાન આત્માએ અવતરતા રહી વિવિધ સ્વરૂપે આ ભૂમિની દિવ્ય અને પુનિત પરંપરાને ટકાવી અને આગળ ધપાવી છે. આપણી તદ્દન નિકટના કાળ ચાલુ વીસમી સદીમાં પણ આવા પુણ્યાત્માઓથી આ ભૂમિ સતત સમૃદ્ધ અને શોભિત થતી રહી છે. આવા એક મહાત્મા સ્વામી રામદાસ આ સદીમાં જ પોતાની સાધના દ્વારા આપણી વચ્ચે ચમકી ગયા અને હજુ થોડા સમય પહેલાં જ આપણી વચ્ચેથી વિદાય લઈ પરમ જ્યોતિમાં વિલીન થઈ ગયા.

સ્વામી રામદાસનો જન્મ દક્ષિણ ભારતમાં કેરળ રાજ્યના દક્ષિણ કાનડા જિલ્લામાં કાસરગોડ તાલુકાના હોસદ્રુગ ગામમાં વિ. સં. ૧૯૪૦ના ચૈત્ર સુદિ પૂનમ - હનુમાનજયંતી(ઈ.સ. ૧૮૮૪)ના રોજ થયો હતો. બાલકૃષ્ણરાવ અને લલિતાદેવીના આ બાળકનું નામ વિઠ્ઠલરાવ રાખવામાં આવ્યું. રામનામમાં અચળ શ્રદ્ધા ધરાવતા આ ધાર્મિક કુટુંબના બધા સભ્યો રોજ રાત્રે ભેગા થઈ ભજનકીર્તન કરતા. આવા ભક્તિમય વાતાવરણે

વિઠલરાવના ભક્તિના સંસ્કારોને પોષણ આપ્યું. નાનપણથી જ નિર્ભયતા, સાહસિકતા અને આનંદી સ્વભાવ એ તેમની વિશેષતા હતી. મોટી ઉંમરે કરેલા પ્રવાસમાં તેમની આ વિશેષતાઓ તેમને ખૂબ ખપ લાગેલી.

પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં જ લઈ માધ્યમિક શિક્ષણ લેવા વિઠલરાવ મેંગલોર ગયા. તે પછી ઉચ્ચ શિક્ષણ લેવા મદ્રાસ ગયા. પણ પછી મદ્રાસ છોડી દઈ મુંબઈની વિક્ટોરિયા ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા. ત્યાં ત્રણ વર્ષ રહી સ્પિનિંગ એન્ડ વીવિંગનો કોર્સ કર્યો. શાળાના અભ્યાસમાં ચિત્ત બહુ ચોંટતું નહીં, પણ ઈતર વાચનનો ખૂબ શોખ હતો. અભ્યાસ પૂરો થતાં ૧૯૦૮માં રુકમાબાઈ સાથે તેમનાં લગ્ન થયાં. ૧૯૦૮થી ૧૯૨૨ સુધી વિઠલરાવ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. તેમને એક પુત્રી થઈ. રુકમાબાઈનું અવસાન ૧૯૩૧માં થયું.

તેમણે મદ્રાસ, ત્રાવણકોર, ગડગ, ગુલબર્ગ, કોઈમ્બતૂર, અમદાવાદ અને નડિયાદની મિલોમાં થોડો થોડો વખત કામ કર્યું. આખરે તેમણે મેંગલોરમાં પોતાનું સ્વતંત્ર કારખાનું સ્થાપ્યું. પણ આ બધો સમય તેમનું મન સંસારમાંથી ધીરે ધીરે હટતું રહ્યું હતું અને વ્યવહારને બદલે પરમાર્થ તરફ લક્ષ વધારે રહેતું. તેમની વૈરાગ્યની ભાવના સ્વામી રામતીર્થનાં પુસ્તકોના વાચનથી વધુ વેગવાન બની. ધંધામાં મન ચોંટતું ન હોવાથી ધંધો ચલાવવાનું મુશ્કેલ થઈ પડ્યું. એ અરસામાં જ્ઞાનેશ્વરી ગીતા વાંચતાં તેમને પોતાના જીવનનું ધ્યેય સ્પષ્ટ રીતે સમજાયું. માનસિક અશાંતિ અને બોજા વચ્ચે તેમણે એકાદ વરસ કાઢ્યું. એમનું હૃદય શાંતિ માટે પોકારતું હતું ત્યારે એમને અંદરથી

પ્રેરણા મળી. વિઠ્ઠલરાવ રામનામનો જપ અને ધ્યાન કરવા માંડ્યા, જેથી તેમને શાંતિ અને આનંદનો અનુભવ થવા લાગ્યો. ધીમે ધીમે જપ ને ધ્યાન પાછળ વધુ સમય આપવા લાગ્યા. ઊંઘ ઓછી કરી નાખી. ભોજન સાદું અને એક જ વખત લેવા લાગ્યા અને પછીથી તો માત્ર દૂધ, કેળાં કે ફળાહાર જ લેવાનું રાખ્યું.

એક દિવસ રામની પ્રેરણાથી તેમના પિતાએ તેમને મંત્ર આપ્યો, ''શ્રીરામ જય રામ જયજય રામ'' અને કહ્યું, ''જો આ મંત્રનો તું સતત જપ કરીશ તો ભગવાન તને શાશ્વત સુખ આપશે.'' તે દિવસથી વિઠ્ઠલરાવે પિતાને પોતાના ગુરુ માન્યા. તેમના હૃદયમાં નિશ્ચય દૃઢ થવા લાગ્યો કે રામ જ માત્ર સત્ય છે અને રામ સિવાયનું સર્વ કાંઈ અસત્ય છે. સાંસારિક સુખની વાસનાઓ અને 'હું' તથા 'મારું' આવી ભાવના ક્ષીણ થવા લાગી. મન, બુદ્ધિ, હૃદય બધું જ રામમાં કેન્દ્રિત થવા લાગ્યું. અંદરની આ રીતની પૂરી તૈયારી થઈ ગઈ હતી તે સમયે તેમને વિચાર થયો કે જ્યારે એકલા રામ જ આ જગતમાં બધું કરે છે અને એ રામની શક્તિ તથા અસીમ પ્રેમનો હું અનુભવ કરું છું તો પછી સર્વસ્વ છોડીને એક રામની જ દયા પર પૂર્ણ રીતે નિર્ભર કાં ન બનું ? હે રામ ! તારા આ દાસની તો એક જ પ્રાર્થના છે કે એને તારે શરણે લઈ તું એનો અહંકાર બાળી નાખ.

સર્વસ્વ છોડીને સાધુવેશે સત્યની શોધમાં નીકળી પડવાનો સમય આવી પહોંચ્યો છે એવું જણાતાં તેમણે સંસારત્યાગ કરવાનો નિશ્ચય મનોમન કરી લીધો.

## પ્રકરણ ૨

# ગૃહત્યાગ અને સંન્યાસ

સંસારત્યાગનો નિશ્ચય થઈ જતાં તેમણે ગેરુઆ રંગનાં બે કપડાં રંગાવી લીધાં. મિત્રને અને પત્નીને એમ બે પત્રો લખ્યા અને તા. ૨૭-૧૨-૧૯૨૨ના રોજ વહેલી સવારના પાંચ વાગ્યે નીકળતી ગાડીમાં વિઠ્ઠલરાવ ઘર છોડી નીકળી પડ્યા. સાથે ૨૫ રૂપિયા, ગીતા, બાઈબલ તથા બીજાં કેટલાંક પુસ્તકો લીધાં. ક્યાં જવું કે આગળ શું કરવું તે વિશેની કોઈ કલ્પના તેમના મનમાં ન હતી. ઘર તો છોડ્યું, પણ રામ પોતાને ક્યાં લઈ જાય છે તેની એમને કશી જ ખબર ન હતી. બીજી રાતે મધરાતે એક સ્ટેશનમાં બેઠા હતા ત્યાં સ્ટેશનનો ઘંટ વાગ્યો. નજીકમાં એક તામિલવાસી બેઠો હતો તેણે વિઠ્ઠલરાવને પૂછ્યું, 'ક્યાં જવું છે ?' પણ વિઠ્ઠલરાવ શો જવાબ આપે ? પેલા સજ્જને તેમને પોતાની સાથે ત્રિચીનાપલ્લી સુધી લઈ જવાનું માથે લીધું અને બીજી સાંજે વિઠ્ઠલરાવ તેની સાથે ત્રિચી પહોંચ્યા. રાત એક ઓટલા પર સતત રામના નામનો જપ કરતાં વિતાવી અને બીજી સવારે સાત માઈલ પર આવેલા, શ્રીરંગમ ચાલીને પહોંચ્યા. પોતાને સાંસારિક જીવનમાંથી દૂર ખેંચી લાવવા પાછળ રામનો શો ઉદ્દેશ હતો તેની કંઈક ઝાંખી વિઠ્ઠલરાવને થવા લાગી. તેમને લાગ્યું કે પવિત્ર નદીઓ અને તીર્થસ્થાનોની જાત્રા કરાવવાની રામની ઈચ્છા જણાય છે. શ્રીરંગમમાં કાવેરીમાં સ્નાન કરી રામની પ્રેરણાને તેમની આજ્ઞા ગણી વિઠ્ઠલરાવે જાતે જ ભગવાં

વસ્ત્ર ધારણ કર્યાં. રામને શ્રદ્ધા, બળ અને કરુણા માટે ઊંડા અંતરથી પ્રાર્થના કરી. પોતાનાં ગૃહસ્થવેશનાં વસ્ત્રો સાથે પોતાના સાંસારિક નામનો પણ ત્યાગ કર્યો અને હવેથી પોતાને રામનો જ દાસ સમજી 'રામદાસ' નામ રાખ્યું.

રામની સાક્ષીએ ત્રણ સંકલ્પો કર્યા : આજીવન રામની જ સેવા અને ચિંતનમાં જીવન અર્પણ કરવું, સ્ત્રીમાત્રને માતા ગણી પૂર્ણ બ્રહ્મચર્ય પાળવું અને ભિક્ષાથી જ જીવનનિર્વાહ કરવો. વિઠ્ઠલરાવના સાંસારિક રૂપનો હવે લોપ થયો અને તેને સ્થાને નિરંતર રામના ચિંતનમાં ડૂબેલા એવા રામદાસનો જન્મ થયો. પોતાને માટે 'હું' શબ્દનો વ્યવહાર બંધ કરી 'રામદાસ' એમ ત્રીજા પુરુષમાં ઉલ્લેખ કરવાનું શરૂ કર્યું. અને સંસારમાં સર્વ કોઈને રામનું જ રૂપ માની રામભાવે જોતાં જોતાં રામદાસે પોતાની તીર્થયાત્રા અને મહાન ઉદ્દેશવાળી જીવનયાત્રાનો કોઈ પણ જાતની પૂર્વયોજના કે પૂર્વતૈયારી વગર શ્રીરંગમથી આરંભ કર્યો.

## પ્રકરણ ૩

# દક્ષિણ ભારતમાં

રામદાસે રામની ઇચ્છા પર બધું છોડી દીધું હતું, તેથી હવે ક્યાં જવું એનો એમની પાસે ઉત્તર ન હતો. પણ રામદાસનું સમર્પણ એટલું સાચું અને ઉત્કટ હતું કે તેમની આખી યાત્રા દરમિયાન પગલે પગલે એમને સહાયતા કરનારા અને યાત્રામાં

આગળ લઈ જનારા સાધુઓ અને સજ્જનો મળતા જ રહ્યા. રામદાસ આવા સાધુઓને રામરૂપ જ સમજી સૌને 'સાધુરામ' નામથી જ ઓળખાવતા રહ્યા. આવા એક સાધુરામ સાથે રામદાસ રામેશ્વર જતી ગાડીમાં ચડ્યા. રસ્તામાં ટિકિટચેકર આવ્યો, પણ તેમની પાસે ટિકિટ તો હતી નહીં. ટિકિટચેકરે એમને રસ્તામાં ઉતારી મૂક્યા, તો એને પણ રામજીની ઇચ્છા સમજી રામદાસ તો મોજથી ચાલવા લાગ્યા.

બે દિવસ રામેશ્વર રહી દર્શન તથા કેટલાક મહાત્માઓનો સત્સંગ કરી રામદાસ સાધુરામ સાથે ધનુષકોડી પહોંચ્યા. અહીંથી સાધુરામ છૂટા પડ્યા. રામદાસ એકલા જ ચિદંબરમ્ પહોંચ્યા. હવે રામદાસને કોઈનો સંગાથ નહોતો. કોઈ પણ યોજના વિનાના અને ઘડી પછી શું કરવાનું છે તેના કશા જ ખ્યાલ વિનાના બાળક જેવી સ્થિતિમાં રામદાસ માત્ર રામનો જ વિચાર કરતા ચિદંબરમ્‌ના મંદિરે પહોંચ્યા. મંદિરમાં દાખલ થવાની ફીના ચાર આના ન હોવાથી રામદાસ શાંતિથી એક બાજુ બેસી ભજન કરતા રહ્યા. એટલામાં એક કદાવર મદ્રાસી સજ્જને આવી તેમના ફળાહારની વ્યવસ્થા કરી આપી અને પોતાની સાથે લઈ જઈ મંદિરમાં દેવનાં દર્શન કરાવ્યાં.

બીજે દિવસે બપોરે રામદાસ સ્ટેશનમાં પ્લૅટફૉર્મ પર ગયા ત્યારે જે ગાડી સામે હતી તેમાં બેસી ગયા. ગાડી ક્યાં લઈ જશે તેની તેમને જાણ પણ ન હતી અને ચિંતા પણ ન હતી. એ ગાડીમાં બેસતાં જ એક સાધુરામ મળી ગયા અને તેમણે રામદાસને તિરુપાપુલિયુર અને ત્યાંથી તિરુવણ્ણામલૈ લઈ જવાનું માથે લીધું. ગાડીમાં બે જુવાનિયાઓએ આ સાધુઓને

જોઈ અંગ્રેજીમાં વાતચીત શરૂ કરી. વાતનો વિષય હતો આવા સાધુઓ ઢોંગી હોય છે અને જીવનનિર્વાહનું સાધન ન હોવાથી ભગવાં ધારણ કરી મફતમાં મોજ કરે છે. એમને તો એનો ખ્યાલ પણ નહીં કે આવા સાધુઓ અંગ્રેજીમાં સમજતા પણ હોય. રામદાસે શાંતિથી આ ટીકા સાંભળી. પોતાની નિંદા સાંભળવાનો મોકો મળ્યો તેમાં પણ રામજીની અપાર દયા માની. આ યુવાનોનું કલ્યાણ થાય એવી મનથી પ્રાર્થના કરી અને પછી હાથ જોડી એમને કહ્યું, ''ભલા મિત્રો, આપે જે ટીકા કરી તેમાં રામદાસની પૂરી સંમતિ છે. એણે પોતાના પેટિયા માટે જ સંન્યાસ લીધો છે. પરંતુ એક બીજી ચીજ પણ એનામાં જણાય છે કે એ રામનો દીવાનો બન્યો છે.''

આ સાંભળી પેલા તો સ્તબ્ધ જ બની ગયા. રામદાસે જે કહ્યું તે સાંભળીને નહીં, પણ આવો રખડતો સાધુ અંગ્રેજી સમજી ગયો અને પોતે માંહોમાંહે કરેલી ટીકા સાંભળી ગયો તેથી તેમણે રામદાસની માફી માગી અને ભોજન માટે પૂછી તેમને ફળાહાર કરાવ્યો.

તિરુપાપુલિયુર પહોંચ્યા. પોંડિચેરી અહીંથી નજીકમાં જ હતું. શ્રીઅરવિંદનાં દર્શન કરવાની ઈચ્છાથી બીજે દિવસે સવારમાં બંને સાધુ પગપાળા ઊપડ્યા. વીસ માઈલ ચાલી બપોરે બે વાગ્યે પોંડિચેરી પહોંચ્યા. પણ શ્રીઅરવિંદ ત્યારે એકાંતમાં રહેતા હતા તેથી તેમનાં દર્શન ન થઈ શક્યાં. જેવી રામની મરજી માની બહાર આવ્યા તો પોંડિચેરીની ફ્રેંચ સરકારના એક પોલીસ અમલદારે તેમને ખૂબ ધમકાવ્યા અને એક કલાકમાં શહેર છોડી ચાલ્યા જવાનો હુકમ કર્યો. વીસ

માઈલ ચાલીને આવ્યા હોવાથી માત્ર એક રાત્રિ પૂરતા ત્યાં રહેવા દેવાની દરખાસ્ત પણ તેણે ન સ્વીકારી, એટલે બંને તરત ત્યાંથી નીકળી ગયા. સાધુરામ ઈન્સ્પેક્ટરની ભાષા અને વ્યવહારથી ખૂબ રોષે ભરાયા હતા, તેથી રસ્તામાં ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યા. રામદાસના સમજાવ્યા છતાં એકાદ કલાક સુધી આ વાક્પ્રવાહ ચાલતો રહ્યો. રામદાસ તો પછી ચુપચાપ સાંભળતા રહી રામની સૃષ્ટિની વિચિત્ર લીલાને પૂરી શાંતિથી જોતા રહ્યા.

પોંડિચેરીમાં જેમ આધ્યાત્મિક સાધકોનું આકર્ષણ શ્રીઅરવિંદ, તેમ તિરુવણ્ણામલૈમાં શ્રી રમણ મહર્ષિ. તિરુવણ્ણામલૈમાં અરુણાચલ પર્વતની તળેટીમાં મહર્ષિ રહેતા હતા. રામદાસે ત્યાં જઈ તેમનાં દર્શન કર્યાં. આ આશ્રમનું સ્થાન ખરેખર બહુ પવિત્ર હતું. મહર્ષિના મુખ પર ગાઢ શાંતિ હતી. વિશાળ આંખોમાં એવો નિર્હેતુક પ્રેમ હતો કે જે જે ત્યાં આવતા તે અજબ શાંતિ અને આનંદમાં ડૂબી જતા. મહર્ષિ અંગ્રેજી જાણતા હતા, તેથી રામદાસે તેમને હાથ જોડી પ્રાર્થના કરી, ''ભગવન્ ! આ દાસ પર કૃપા કરો. એ માત્ર આપના આશીર્વાદ જ યાચે છે.''

મહર્ષિએ પોતાની તેજસ્વી દૃષ્ટિ રામદાસ તરફ ફેરવી અને જાણે એ દૃષ્ટિ વાટે જ રામદાસમાં શક્તિસંચાર કરતા હોય એમ બેત્રણ મિનિટ સ્થિર નજરે જોઈ રહ્યા. પછી ડોકું ધુણાવ્યું. રામદાસમાં કોઈ અનિર્વચનીય આનંદ ઊભરાવા લાગ્યો અને આખું શરીર પવનથી પાંદડું કંપે એમ કંપવા લાગ્યું. તે પછી મહાત્માની રજા લઈ બંને પોતાને મુકામે પાછા ફર્યા.

અહીં રામદાસને એકાંતવાસ સેવવાની સ્ફુરણા થઈ, એટલે સાધુરામને વાત કરી. સાધુરામ તરત જ સ્વામીજીને મોટા મંદિરની પાછળના પર્વત પર લઈ ગયા. ઉપર ઘણી ગુફાઓ હતી તેમાંની એક નાની ગુફા પસંદ પડવાથી બીજે દિવસે ત્યાં જઈને રહ્યા.

આ ગુફામાં રામના ધ્યાનમાં લીન બની લગભગ એક મહિનો ગાળ્યો. પહેલી જ વાર રામે રામદાસને ભજન માટે આવા એકાંતમાં મૂક્યા હતા. કોઈ પણ જાતના વિક્ષેપ વિના રામનું સતત ચિંતન અહીં થઈ શકતું હતું. પરિણામે તેમને ખૂબ આનંદ આવતો હતો. કહો કે અવર્ણનીય આનંદ આવતો હતો. કહો કે અવર્ણનીય આનંદસાગરમાં એ ડૂબકાં જ ખાતા હતા. આનંદમાત્રના કેન્દ્રમાં મન લગાડવું એટલે જ શુદ્ધ આનંદનો અનુભવ !

એક દિવસ રામના જ ધ્યાનમાં મસ્ત બનેલા સ્વામીજી ગુફાની બહાર નીકળ્યા તો ગુફાથી થોડે દૂર તેમણે એક માણસને ઊભેલો જોયો. સ્વામીજી ઓચિંતા જ દોડ્યા, અને પેલા માણસને ભેટી પડ્યા. પેલો બિચારો તો ભડકી જ ગયો. એને લાગ્યું કે કોઈ પાગલ પોતાને આ પ્રમાણે વળગી પડ્યો છે. વખતે આ ગાંડો પોતાને કંઈ વગાડી બેસે એવી પણ બીક તેને લાગી. રામદાસ ખરેખર પાગલ જ હતા. પણ એમનું ગાંડપણ રામ માટેનું હતું. 'અહો ! રામ જ સાક્ષાત્ પધાર્યા છે' એવા વિચારમાં જ રામદાસ પેલા પાસે દોડી ગયા હતા. ક્યારેક ક્યારેક તો ગુફાની પાસે ઊગેલા છોડવા અને ઝાડને પણ બાથમાં લેવાની ઊર્મિ એમને થઈ આવતી. સર્વ બાજુથી રામ એમને

પોતાની તરફ ખેંચી રહ્યા હતા. શું એ ગાંડપણ! શું એ આકર્ષણ! આવી સ્થિતિમાં એક મહિના જેટલો સમય ક્યાં ગયો તેનોય ખ્યાલ ન રહ્યો.

એક દિવસ રામદાસે તિરુવણ્ણામલૈ છોડ્યું અને તેમને માટે રામે તૈયાર જ રાખેલા નવા સાધુરામના સાથમાં તિરુપતિ પહોંચ્યા. તિરુપતિ રાત્રે પહોંચ્યા અને રાત ખુલ્લામાં ગાળવાની આવી. ઠંડી ભયંકર હતી. એમાં ઊંઘ તો શી રીતે આવે? સાધુરામ આથી અકળાયા, પણ રામદાસે માન્યું કે આ તો ઊંઘ્યા વગર સતત ભજન થઈ શકે તે માટે રામે કરેલી વ્યવસ્થા છે.

તિરુપતિથી જગન્નાથ તરફ જતી ગાડીમાં રામદાસ બેઠા, પણ એક નાના સ્ટેશને ટિકિટચેકરે તેમને ઉતારી મૂક્યા. બીજે દિવસે એ જ સમયે એ જ ગાડીમાં બેસવાનો પ્રયત્ન કર્યો, પણ સ્ટેશનમાસ્તર અને ટિકિટ ક્લાર્કે તેમને બેસતા રોક્યા. રામદાસ શાંત રહ્યા. ગાડી ઊપડવાને હજી થોડી વાર હતી. એવામાં રેલવેનો એક સિપાઈ આ સાધુઓ પાસે આવ્યો અને તેમને ગાડીમાં બેસી જવા કહ્યું. સાધુરામે તેને વસ્તુસ્થિતિ સમજાવી. આ સિપાઈ પેલા અમલદારો પાસે ગયો અને સાધુઓની વકીલાત કરી, પણ પેલાઓએ તેનું માન્યું નહીં અને ઉપરથી તેને ધમકાવ્યો, ''તારે યાદ રાખવું જોઈએ કે રેલવે પોલીસ તરીકે તારી જે ફરજ છે તેથી તદ્દન વિરુદ્ધ વાત તું કરી રહ્યો છે.''

સિપાઈ કંઈ બોલ્યો નહીં. હવે ગાડી ઊપડવાનો વખત થયો હતો. એકાએક સિપાઈની આંખ ચમકી ને તેમાં નિશ્ચયનું તેજ રમવા લાગ્યું. ઝડપથી તે એક ડબ્બા આગળ ગયો, બારણું

ઉઘાડ્યું અને પેલા સાધુઓને બોલાવી અંદર બેસાડી દીધા તથા બંધ કરેલા બારણા પર બરડો ટેકવી ઊભો રહ્યો. આ જોઈ એકદમ પેલા બંને અમલદારો ત્યાં દોડતા આવ્યા ને રોષથી સિપાઈને પૂછ્યું, ''કોની રજાથી આ સાધુઓને તેં બેસાડી દીધા ?''

સિપાઈએ કહ્યું, ''જુઓ સાહેબ, આવી વાતમાં કોઈની રજાની જરૂર નથી. આમાં તો પોતાના અંતરનો અવાજ એટલે ભગવાનનો જ હુકમ.''

''યાદ રાખજે કે તારી આ કસૂરનો રિપોર્ટ થશે અને તને ભારે પડશે.''

''ભલે સાહેબ, તમારા રિપોર્ટથી મને નોકરીમાંથી કાઢી મૂકે તોપણ વાંધો નથી.''

સ્ટેશનમાસ્તર બિચારો મૂંઝાઈ ગયો અને ત્યાં તો ગાડી ચાલવા લાગી.

રામદાસ આખી ઘટનાને શાંતિથી જોઈ રહ્યા હતા. આ ઘટનાનું શું રહસ્ય તારવવું ? એ જ કે જ્યારે રામનો સર્વશક્તિમાન હાથ કામ કરે છે ત્યારે વિઘ્નમાત્ર નહીંવત્ થઈ જાય છે. જેને કાયદાના રક્ષણ માટે રાખવામાં આવ્યો છે તે પોલીસ જ જાણીબૂજીને કાયદો તોડી ટિકિટ વગરના બે સાધુઓને બેસાડી દે છે ! તે પણ અમલદારોના વિરોધ છતાં અને પોતાની નોકરીના જોખમે ! સ્વામીજીની આંખમાંથી આંસુઓ દ્વારા રામ પ્રત્યેનો ભાવ વ્યક્ત થવા લાગ્યો.

## પ્રકરણ ૪

# પૂર્વ ભારતમાં

જગન્નાથપુરી પહોંચી જગન્નાથજીનાં દર્શન કરવા ગયા. પણ મંદિરના દરવાજા આગળની યાત્રાળુઓની ભીડ તથા ધક્કામુક્કીમાં રામદાસથી જવાય તેમ ન હતું. રામદાસે પ્રાર્થના કરી: ''હે રામ ! આ ભીડમાં તારા દાસથી તારાં દર્શન કેવી રીતે થશે ?'' પ્રાર્થના પૂરી પણ ન થઈ ત્યાં દરવાજા આગળના ટોળામાંથી એક ઊંચો બ્રાહ્મણ બહાર નીકળી આવ્યો અને રામદાસનો હાથ પકડી ભીડમાંથી રસ્તો કરતો અંદર લઈ ગયો. રામદાસનું મન પરમાત્મામાં ડૂબી ગયું હતું અને આ ચમત્કારિક જેવી ઘટનાને સ્વપ્નની જેમ જોતા હતા. દર્શન કર્યા પછી રામદાસે તે બ્રાહ્મણને પૂછ્યું, ''ભાઈ, આપે આવી દયા કરી તેનું કારણ શું ?'' જવાબ મળ્યો, ''મહારાજ ! આ મેં શા માટે કર્યું તે હું જ જાણતો નથી. પણ મેં તમને જોયા કે તરત જ તમને અંદર લઈ જગન્નાથજીનાં દર્શન કરાવવાની તીવ્ર ઈચ્છા મારામાં એકાએક જાગી. ભગવાનનું જ એ કામ હોવું જોઈએ.''

જગન્નાથપુરીથી રામદાસ સાધુરામ સાથે કલકત્તા જવા રવાના થયા. રસ્તામાં એક નાના સ્ટેશને એક ખ્રિસ્તી ટિકિટ ઈન્સ્પેક્ટરે બંનેને ઉતારી મૂક્યા. રામદાસ અને સાધુરામ નીચે ઊતરી પ્લેટફૉર્મ પર ઊભા રહ્યા. ગાડી ઊપડવાને થોડી વાર હતી. ટિકિટ ઈન્સ્પેક્ટરે સાધુઓ પાસે આવી પૂછ્યું, ''આવી રીતે મુસાફરી કરવામાં તમારો હેતુ શો છે તે સમજાવશો ?''

''ઈશ્વરની શોધ.''

''ઈશ્વર તો સર્વત્ર છે એમ કહેવાય છે, તો પછી એની શોધમાં આ રીતે રખડવાનો શો અર્થ છે?''

''ખરું છે ભાઈ, ઈશ્વર સર્વવ્યાપી જ છે. પરંતુ સર્વ સ્થળે રખડાવી સર્વત્ર એનાં દર્શન કરાવી એ આ વસ્તુ સિદ્ધ કરવા માગે છે.''

''જો એમ જ છે તો અહીં આ જગ્યાએ પણ તમને ઈશ્વર દેખાતો હોવો જોઈએ.''

''જરૂર, આપણે ઊભા છીએ તે જગ્યાએ ઈશ્વર છે જ.''

''ક્યાં? ક્યાં? મને બતાવી શકશો?''

''અરે, આ મારી સામે પ્રત્યક્ષ ઊભો છે ને!'' રામદાસે કહ્યું.

''પણ ક્યાં ?''

''અરે. અહીં જ.'' કહી રામદાસે હસતાં હસતાં ટિકિટ ઈન્સ્પેક્ટરની છાતી પર હાથ મૂક્યો : ''રામદાસની સામે જે આ ઊંચી મૂર્તિ છે એમાં સર્વવ્યાપી એવા ઈશ્વરને રામદાસ અચૂક જોઈ શકે છે.'' ઘડીક તો ઈન્સ્પેક્ટર ગૂંચવાયો. પછી એકાએક ખડખડ હસી પડ્યો. જે ડબ્બામાંથી સાધુઓને ઉતારી પાડ્યા હતા તેનું બારણું ખોલી એમને પાછા બેસાડી દીધા. હવે હું રજા લઈશ. તમારી શોધ સફળ નીવડો.'' કહી ઈન્સ્પેક્ટર સાધુઓથી છૂટો પડ્યો.

પણ હાવરા આવતાં પહેલાં વળી એક બીજો ટિકિટચેકર આવ્યો. તે ઍંગ્લો ઈન્ડિયન હતો. તેણે બંને સાધુઓને ખૂબ પજવ્યા. રામદાસ પાસે બાઈબલ ન્યૂ ટેસ્ટામેન્ટની નકલ જોઈ

ચેકરે પૂછ્યું, ''તમે ક્રાઈસ્ટને માનો છો?'' રામદાસે કહ્યું, ''કેમ નહીં? જગતના ઉદ્ધાર માટે આવેલા એ પણ ઈશ્વરના એક અવતાર જ હતા.'' આ જવાબથી પ્રભાવિત થયેલા ટિકિટચેકરે તે પછીની ગાડીમાં બંને સાધુઓને બેસાડી દીધા.

કલકત્તામાં કાલીમાતાનાં દર્શન કરી દક્ષિણેશ્વર જવા ઊપડ્યા. અર્ધી રાત્રે દક્ષિણેશ્વરના મંદિરે પહોંચ્યા. મંદિરમાં કોઈને રાતવાસો કરવા દેવામાં આવતો ન હતો. તેમ છતાં પૂજારીએ તેમને રહેવાની છૂટ આપી. પણ ભયંકર ઠંડી અને તે ઉપરાંત મચ્છરોનાં ધાડેધાડાં. રામદાસે વિચાર્યું, ''રામની કરુણાની શી વાત કરીએ? જાગતાં જાગતાં રામભજન સારી રીતે થાય અને વચમાં ઊંઘ દખલ ન કરે એ માટે એણે કેવી આબાદ યુક્તિ શોધી કાઢી છે!''

દક્ષિણેશ્વર તો પરમહંસ શ્રીરામકૃષ્ણના નિવાસથી પવિત્ર થયેલું તીર્થ. રામદાસને ત્યાંથી નીકળતાં પહેલાં વિચાર આવ્યો: ''હે રામ! જ્યાં શ્રીપરમહંસદેવ રહ્યા હતા અને પોતાની સાધના કરી હતી તે જગ્યાનાં શું રામદાસને દર્શન નહીં થાય?'' આ વિચાર આવ્યાને પાંચ મિનિટ પણ ભાગ્યે જ થઈ હશે ત્યાં એક ઊંચો યુવાન સંન્યાસી આવ્યો. નમસ્કાર કરીને તેણે પૂછ્યું, ''ભૈયા, તમે અહીં થઈ ગયેલા શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનું નામ નથી સાંભળ્યું?''

''સાંભળ્યું છે મહારાજ! અને રામ એના દાસને અહીં એટલા માટે જ લાવ્યો છે.'' રામદાસે જવાબ આપ્યો. મનમાં ભગવાનની ગૂઢ લીલા વિશે વિચારવા લાગ્યા.

''તો તો ચાલો મારી સાથે. એમનાં નામ અને નિવાસથી

પવિત્ર થયેલી સર્વ જગ્યા તમને બતાવું.'' કહી તે બંગાળી સાધુ ઊઠ્યા.

રામદાસ મનમાં રામને સ્મરી રહ્યા: ''હે રામ ! તારા આ પામર સેવક માટેના તારા અગાધ પ્રેમનું માપ એ શું કાઢે ? એને ઇચ્છા ઊઠતાંની સાથે જ તું એ પૂરી કરે છે !'' સંન્યાસી, રામદાસને રામકૃષ્ણદેવ રહેતા હતા તે ઓરડામાં લઈ ગયા. ઓરડામાં એક ખાટલો હતો. ખાટલા પર પરમહંસદેવ વાપરતા હતા તે ગાદલું ને બે તકિયા એમના સ્મૃતિચિત્ર તરીકે જાળવી રાખેલાં પડ્યાં હતાં.

તેની પાસે જઈ સ્વામીજીએ પૂજ્યભાવે મસ્તક નમાવ્યું. એટલામાં તો તે પવિત્ર સ્થળના વાતાવરણની ચમત્કારિક અસર એમના પર થવા માંડી. આનંદનાં પૂર ઊભરાવા લાગ્યાં અને રામદાસ તો ત્યાં લાંબા થઈને સૂઈ ગયા તથા આળોટવા લાગ્યા. આ દશામાં અર્ધોએક કલાક વીતી ગયો. પેલા બંગાળી સાધુ વિસ્મયવિમૂઢ જેવા થઈ આ દશ્ય જોઈ રહ્યા હતા. આખરે તેમણે રામદાસને સચેત કર્યા અને બંને બહાર નીકળ્યા.

### પ્રકરણ ૫

## ઉત્તર ભારતમાં

દક્ષિણેશ્વરથી નીકળી વચમાં એકબે સ્થળે રોકાઈ રામદાસ કાશી પહોંચ્યા. કાશીથી રામની ભૂમિ અયોધ્યા પણ જઈ આવ્યા. આકરી ઠંડીથી અકળાયેલા સાથેના સાધુરામે હવે

ઉત્તરમાં આગળ નથી જવું એમ કહી રામદાસ સાથે ઝાંસી તરફની દિશા લીધી. ઝાંસી પહોંચ્યા પછી સાધુરામે રામદાસનો સાથ છોડી દીધો. પણ રામદાસની ચિંતા કરનારા રામે તો કંઈ સાથ નહોતો છોડ્યો. બજારમાંથી પસાર થતા રામદાસને એક માણસ બોલાવી ગયો અને એ રીતે એક અતિ ભાવિક શેઠ મહાદેવપ્રસાદ સાથે તેમનો મેળાપ થયો. મહાદેવપ્રસાદના અતિ આગ્રહથી રામદાસ ઝાંસીમાં એક મહિનો રહ્યા.

રામદાસ થોડું વધુ રોકાય અને પોતાને સત્સંગનો લાભ મળે એવી લાલચથી મહાદેવપ્રસાદે ઝાંસીથી છ માઈલ દૂર ઉરસા ગામના રામમંદિરમાં એમના રહેવાની વ્યવસ્થા કરી આપી. અહીં ગામ બહાર નદીને કિનારે જર્જરિત સ્થિતિમાં સતીની દેરીઓ હતી. તેમાંની એક દેરીમાં થોડા દિવસ એકાંતવાસ કરવાની રામની પ્રેરણા થતાં સ્વામીજી ત્યાં આઠ દિવસ રહ્યા. દિવસમાં માત્ર એક વાર રામમંદિરમાં જતા અને ભિક્ષા લઈ આવતા.

એ દેરીવાળી જગ્યા એકદમ શાંત હતી. સ્વામીજી દેરીમાં બેસી આખી રાત ભજન કરતા રહેતા. રાત્રિ સમાધિના અદ્‌ભુત આનંદમાં પસાર થતી.

આખું વાતાવરણ રામમય થઈ ગયું હતું. શ્વાસે શ્વાસે રામની પ્રતીતિ થતી હતી. પ્રાતઃકાળે જ્યારે શ્રીરામનો મધુર મંત્ર 'ૐ શ્રીરામ જય રામ જયજય રામ' મોટેથી રટતા ત્યારે નાનાંમોટાં પંખીઓ તથા ખિસકોલીઓ ઓટલા પર ઊતરી આવતાં અને એકચિત્તે આ મંત્રગાન સાંભળી રહેતાં. સંધ્યાકાળે એ જ ૐનો મધુર નાદ ત્યાં ચરવા આવેલાં પશુઓ - ગાયો, બકરાંઓ વગેરે

પર જાદુ જેવી અસર કરતા. ચરતાં ચરતાં થંભી જઈ તેઓ માથું ઊંચું કરતાં, કાન ફફડાવતાં અને સ્તબ્ધ બની સાંભળી રહેતાં. સ્વામીજી આ જોઈ વિચારતા : ''હે રામ ! તું ભૂતમાત્રમાં રહેલો છે એની શું આ નિઃશંક સાબિતી નથી ?'' આ સ્થાનને ગામલોકો ભયજનક ગણતા, કેમ કે ત્યાં હિંસક પશુઓનો ભય હતો. પણ સર્વશક્તિમાન રામ જેનો રખેવાળ હોય તેને ભય શો ? આવા આનંદની સ્થિતિમાં સ્વામીજીએ ત્યાં આઠ દિવસ ગાળ્યા.

ઝાંસીના વસવાટ દરમિયાનના કેટલાક નાના પ્રસંગો સ્વામીજીના ઉદાર માનસનો પરિચય કરાવે છે. એક દિવસ સ્વામીજી હાથમાં લોટો લઈ બજારમાંથી પસાર થતા હતા, ત્યાં તેમને તરસ લાગી. કોઈ એક ઝૂંપડાના બારણામાં એક ડોશીમા બેઠાં હતાં. તેમની પાસે તેમણે પાણી માગ્યું. માજીએ ડોકું ધુણાવી કહ્યું : ''મહારાજ, મારા હાથનું પાણી તમને ન ખપે.''

''કારણ ?''

''અમે હલકી વરણનાં છીએ એટલે.''

''તેમાં શું મા ? તમે તો રામદાસનાં માતાજી છો. દયા કરી તમારા દીકરાને પાણી આપો.'' માજીએ ખૂબ ખુશ થઈ પાણી પાયું. સ્વામીજી થોડી વાર ત્યાં બેઠા. ડોસીમાએ પોતાના દુઃખની વાત કહી. જગતમાં એ એકલાં જ હતાં. એમનાં દિવસ ને રાત શોક, દુઃખ ને ભયમાં જતાં હતાં. સ્વામીજીએ તેમને કહ્યું, ''મા, રામ બધાનો રખેવાળ છે. પછી ભય, ચિંતા કે એકલતા શા માટે ? રામ સદા આપણી પાસે જ રહે છે.'' એમ કહી એમને રામનામનો જપ કરવાની સલાહ આપી.

બીજે દિવસે સ્વામીજી ફરી એ માજી પાસે ગયા. માજીના મુખ પર આજે આનંદ જણાતો હતો, સ્વામીજીની સલાહ પ્રમાણે તેમણે કરી જોયું હતું ને પરિણામે એમનાં શોક ને ચિંતા ઘટ્યાં હતાં. સ્વામીજીએ માજીના હાથની રાંધેલી રોટલી મોજથી ખાધી. ત્રીજી વાર મુલાકાત લીધી ત્યારે જોયું કે માજીના મુખેથી રામનામનો જપ સતત ચાલી રહ્યો હતો.

એમ જ એક વખત બપોરના ફરતાં ફરતાં તરસ લાગી. કેટલીક સ્ત્રીઓ પાણી ભરી રહી હતી. સ્વામીજીએ એક સ્ત્રી પાસે જઈ પાણી માગ્યું. બાઈએ કહ્યું: ''મહારાજ, હું મુસલમાન છું અને તમે તો હિંદુ સાધુ છો. મારા હાથનું પાણી તમારાથી ન પિવાય.''

સ્વામીજીએ કહ્યું : ''અરે મા, રામદાસ એવો ભેદ નથી રાખતો'' અને એ સ્ત્રીએ આપેલું પાણી પ્રેમથી પી આગળ ચાલ્યા.

ઝાંસીમાં એક વખત એક શિક્ષક સ્વામીજી સાથે વાદવિવાદ કરવા આવ્યા. શિક્ષક આર્યસમાજી અને ઉગ્ર સ્વભાવના હતા. ચર્ચા દરમિયાન પેલા ભાઈ મર્યાદા ઓળંગી ગમે તેમ બોલવા લાગ્યા. બીજે દિવસે એ ગૃહસ્થ સ્વામીજી પાસે આવી પગમાં પડી માફી માગવા લાગ્યા : ''મહારાજ! આપને મેં કડવા શબ્દો કહ્યા તેની શિક્ષા ભગવાને મને કરી. જુઓ, મારી જીભ પકડાય છે ને બરાબર બોલાતું પણ નથી.''

સ્વામીજીએ કહ્યું : ''ભાઈ, ભગવાન કોઈને શિક્ષા કરતો નથી. એ તો પ્રેમસ્વરૂપ છે. જેને આપણે પાપ કહીએ છીએ તે આપણી જ કૃતિ છે.'' પેલા ભાઈએ સ્વામીજીનો હાથ પકડી

પોતાના ગળા આસપાસ ફેરવ્યો, અને આશ્ચર્ય ! જરા વારમાં તો એની જીભ બરાબર બોલતી થઈ ગઈ. પણ સ્વામીજીએ તો તેમને સમજાવ્યું કે રામની શક્તિ ને તમારી શ્રદ્ધાથી જ તમે સારા થયા છો.''

ઝાંસીના વસવાટ દરમિયાન સ્વામીજીએ મિત્રો સાથેની વાતચીતમાં જાણ્યું કે હિમાલયનાં બે તીર્થધામો-કેદારનાથ અને બદરીનાથ જવાનો રસ્તો બહુ કઠિન છે અને ત્યાં ઠંડી પણ સખત પડે છે. જેમાં ભય અને સંકટ હોય એવી મુસાફરીનો સ્વામીજીને ખાસ શોખ હતો. અંદરની પ્રેરણાથી તરત નક્કી કર્યું કે રસ્તો ગમે તેવો વિકટ હોય તોપણ આ બે સ્થળે જવું તો ખરું જ. ઝાંસીવાસી રામકિંકર નામના એક મિત્રે આ પ્રવાસમાં સાથે આવવાની તૈયારી બતાવી.

સ્વામીજી રામકિંકર સાથે ઝાંસીથી રવાના થયા અને હરદ્વાર પહોંચી પર્વત ચડતાં ચડતાં હૃષીકેશ પહોંચ્યા. હિમાલયનાં ધૂમ્રાચ્છાદિત શિખરો, ગીચગાઢ જંગલો, સ્ફટિક જેવું ગંગાનું વહેતું નીર અને જાત જાતની વનસ્પતિઓમાં સ્વામીજીને રામની અદ્ભુત લીલા જ દેખાઈ. અહીં એક વૃદ્ધ સંન્યાસીનો સત્સંગ કરી તે પછી બેત્રણ દિવસ સ્વામીજીએ એક એકાંત કુટીરમાં એકાંતવાસ કર્યો.

ચોથે દિવસે તેમણે પર્વત પર ચડવાનું શરૂ કર્યું. જેમ જેમ ઊંચે ચડતા ગયા તેમ તેમ આજુબાજુના દૃશ્યનું સૌંદર્ય વધતું ગયું. ભગવાનની આ અનંત અને અદ્ભુત રચના જોઈ સ્વામીજી એ સૌંદર્યના નશામાં જ ડૂબી ગયા. થાકનું નામ ન રહ્યું. તાજગી ને સ્ફૂર્તિ વધતાં જ રહ્યાં. આકરાં ચડાણ પર પણ લગભગ દોડતા

હોય તેમ ચડતા રહ્યા. લગભગ બધો જ વખત દેહભાન ભૂલી જતા હતા. એમનું સમસ્ત મન માત્ર રામમાં જ રોકાયેલું હતું. ત્યાં એમને રામ સિવાય કશું જ દેખાતું ન હતું. સ્વામીજી જાણે પરવશ હોય અને એમના પર રામની જ સત્તા ચાલતી હોય તેમ તેઓ ચડતા જ રહ્યા. ત્રિજુગનારાયણના સ્થાને પહોંચવાનો રસ્તો એકદમ સીધો અને તેથી અતિશય અઘરો હતો. આ જોખમી રસ્તે કેટલાય યાત્રીઓ પ્રાણ ખોતા. આખરે બંને યાત્રિકો કેદારનાથ પહોંચ્યા.

કેદારનાથમાં સ્વામીજી થીજી જવાય એવી ઠંડીમાં, માત્ર ઘાસ પકડી પકડીને લગભગ તદ્દન સીધું જ કહેવાય એવું એક શિખરનું ચડાણ ચડવા માંડ્યા. આ સાહસ તેમના જેવા દૂબળા દેહના માણસ માટે અત્યંત મુશ્કેલ હતું પણ એમાં બળ તો રામની કૃપાનું જ હતું. રામકિંકર અધવચ્ચે અટકી ગયો. પણ સ્વામીજી તો ટોચે પહોંચી રામનામનો ઘોષ કરીને જ જંપ્યા. ઊતરતી વેળાનું જોખમ તો પહેલાં કરતાંય વધુ હતું. ચડવાઊતરવામાં પાંચ કલાક લાગ્યા. પણ સ્વામીજીને ઠંડી, થાક કે ભયની અસર પણ ન હતી. આવી સખત ઠંડીમાં હિમ જેવા પાણીમાં સ્વામીજીએ સ્નાન કર્યું.

અહીં એક દિવસ રોકાઈ પછી બંને બદરીનાથ તરફ આગળ વધ્યા. માઈલોના માઈલો સુધી ચડાણ ચાલુ રહ્યું. કેટલાય દિવસની મુસાફરી પછી તેઓ બદરીનાથ પહોંચ્યા. રસ્તામાં ત્રણચાર જગ્યાએ તો પાણીના પ્રવાહ પર જામેલા બરફના પાતળા પડ પરથી ચાલવું પડ્યું. આ બરફ પર પણ સ્વામીજી તો મોજથી ઉઘાડે પગે જ ચાલતા હતા. બદરીનાથમાં એક

દિવસ ગાળી તેઓ રામનગર નામની જગ્યાએ આવ્યા. અહીંથી દક્ષિણ તરફ જવા માટે રેલવે શરૂ થાય છે. તેઓ બધું મળીને હિમાલયમાં ચારસો માઈલ ચાલ્યા હશે અને હરદ્વારથી રામનગર સુધીની યાત્રામાં ચાળીસ દિવસ વીત્યા હશે. આખાયે પ્રવાસમાં યાત્રાળુઓ તરફથી સત્કાર અને પ્રેમ મળતાં રહ્યાં. આ પ્રવાસ રામને જ ભરોસે અને એની જ આજ્ઞાનુસાર કર્યો હતો, તેથી આખાયે પ્રવાસમાં રામના દાસ પર રામની કરુણા વરસતી રહી.

હવે બંને મથુરા પહોંચ્યા, પણ રામકિંકર માંદો પડતાં તે ઝાંસી જવા રવાના થયો અને રામદાસ એકલા પડ્યા, પણ થોડા જ સમય માટે. જે ધર્મશાળામાં સ્વામીજી ઊતર્યા હતા ત્યાં રામે એક સાધુરામને એમના સંગાથ માટે તૈયાર જ રાખ્યા હતા. મથુરા જઈ યમુનાસ્નાન કર્યું. ચૌદેક માઈલ દૂર આવેલા ગોવર્ધન પર્વતનાં દર્શન કરી આવ્યા. તે પછી શ્રીકૃષ્ણની બાળલીલાની ભૂમિ ગોકુળ અને વૃંદાવન જોયાં. મથુરાથી ક્યાં જવું તેની કોઈ યોજના ન હતી. મથુરામાં થોડોક પરિચય થયેલા લોકોએ સ્વામીજીને એક ટ્રેન બતાવી, જેમાં તે બેસી ગયા, અને સ્વામીજી તો મથુરાથી દૂર દૂર રાયપુર પહોંચ્યા. રાયપુર એ કંઈ તીર્થ નથી. તો રામદાસને અહીં લાવવામાં રામનો હેતુ શો હશે તે તો રામ જાણે.

પણ રાયપુરમાં એક મજાની ઘટના બની. એક ઝાડ નીચે સ્વામીજી આડા પડ્યા હતા. ત્યાં એક મુસ્લિમ યુવક તેમની પાસે આવ્યો. મહંમદ પયગંબરની બાબતમાં સ્વામીજીના મુખેથી ખૂબ શ્રદ્ધાભરી વાત સાંભળી યુવાન ખુશ થયો. તેને સ્વામીજી પ્રત્યે એવો પ્રેમ ઊપજ્યો કે તે તેમની સાથે નીકળી

પડવાને તૈયાર થયો. થોડીક સમજાવટ પછી તે માન્યો, પણ સ્વામીજીના પ્રેમની યાદગીરીમાં સ્વામીજીનું મૃગચર્મ માગ્યું, જે તેમણે તરત આપી દીધું. છૂટા પડતી વખતે તેણે જાણ્યું કે રામજીની મરજીથી રામદાસ અજમેર જવાની ઇચ્છા રાખે છે એટલે ભાર દઈને તેણે કહ્યું: ''તો તો બહુ સરસ. ત્યાં ખ્વાજા પીરનું સ્થાન છે તે જોવાનું આપ ચૂકશો નહીં. કોઈ પણ મુસલમાન આપને ત્યાંનો રસ્તો દેખાડશે.''

યુવકના આ શબ્દો ભવિષ્યકથન જેવા નીવડ્યા. થોડા વખત પછી સ્વામીજી અજમેર પહોંચ્યા ત્યારે રાત હતી. રાત સ્ટેશન આસપાસના વિસ્તારમાં વિતાવી સવારમાં શહેર ભણી જવા નીકળ્યા. પોતે ક્યાં જાય છે તેના જરા પણ ભાન વિના શહેરના ગીચ લત્તાઓમાંથી રામનામ જપતા તે જતા હતા, ત્યારે એક ઊંચા અને કદાવર મુસ્લિમે તેમને થોભાવ્યા, તથા પોતાની સાથે આવવા ઈશારત કરી. કશાયે સંકોચ કે પૂછપરછ વિના સ્વામીજી તે ભાઈની પાછળ ચાલવા માંડ્યા. એકાદ માઈલ પછી એક સુંદર મસ્જિદ દેખાઈ. અંદર એક સરસ કોતરણીવાળી રૂપેરી દરગાહ હતી. સાથેના મુસ્લિમ સજ્જને કહ્યું: ''આ ખ્વાજા પીરની દરગાહ છે. અહીં ઘૂંટણે પડો અને મહંમદના ચેલા બની જાઓ.''

તરત રામદાસ ખૂબ ભાવપૂર્વક ઘૂંટણે પડ્યા અને કહ્યું: ''મહંમદના ચેલા બનવાની રામદાસને કશી જરૂર નથી, કારણ એ તો કેટલાયે વખતથી મહંમદને અનુસરે છે.''

મનમાં સ્વામીજી વિચારી રહ્યા: હે રામ ! હે ખુદા !! હે મહંમદ ! તારી કેવી કરામત છે ! પેલા રાયપુરવાળા મુસ્લિમ

મિત્રની તીવ્ર ઈચ્છા પૂરી કરવા તું રામદાસને મુસ્લિમોના આ યાત્રાસ્થાને લઈ આવ્યો.

અજમેરમાં ત્રણ દિવસ રહ્યા, અને પછી પુષ્કરરાજ જઈ આવ્યા. તે પછી એક સાધુરામના સંગાથમાં ગુજરાતની દિશામાં આગળ વધ્યા.

## પ્રકરણ ૬

# પશ્ચિમ ભારતમાં

મહેસાણા નજીક ધરમપુરીના એક સાધુના આશ્રમમાં પહોંચ્યા. ત્યાં જંગલમાં એક નિર્જન સ્થાન રામભજન માટે અનુકૂળ લાગવાથી થોડો સમય રહેવાનું નક્કી કર્યું. અહીં નરહરિનું એક નાનું મંદિર હતું. મંદિરનો અંદરનો સમચોરસ ભાગ રામદાસના માપનો જ લાંબો-પહોળો હતો. આ મંદિરમાં રહી ચોવીસ કલાકમાં એક કે બે કલાકની ઊંઘ લઈ સ્વામીજી સતત રામમંત્રનો જપ કરતા. જે ભક્તો સર્વ ભાવે રામને શરણે જાય છે અને રામને જ ભરોસે રહે છે તેનું રામ સદા રક્ષણ કરે છે એ સત્યની એમને અહીં પુનઃ દૃઢ પ્રતીતિ થઈ.

આ જંગલમાં સાપ, વીંછી તથા જંગલી ભૂંડોનો ત્રાસ હતો. રોજ રાત્રે વીસથી ત્રીસ ભૂંડોનું ટોળું મંદિરની આસપાસ ફરી વળતું. મંદિરનું બારણું તો હંમેશાં ઉઘાડું જ રહેતું. મંદિરની આજુબાજુની જમીનમાંથી મૂળિયાં ખોદી કાઢી આ ભૂંડો ખાઈ જતાં. એ પશુઓ આવ્યાં હોય ત્યારે પણ રામદાસ બહાર

ફરતા, પરંતુ રામની કૃપાથી એમને કશી ઈજા થઈ નહીં. ગામમાંથી જે લોકો દિવસે આ મંદિરમાં આવતા તે આ જંગલી હિંસક પશુઓથી સાવધ રહેવાની ચેતવણી આપતા. પરંતુ રામમાં અચળ શ્રદ્ધા એટલે સંપૂર્ણ સુરક્ષિતતા અને ભયરહિતતા.

વળી રાત્રે અને દિવસે મોટા મોટા સર્પો મંદિરમાં આવતા, પરંતુ કોઈ રામદાસને પજવતા નહીં. ઉપરાંત, રામદાસજી એક કોથળાને આસન તરીકે વાપરતા. તે કોથળો સવારમાં જ્યાં ઊંચો કરે ત્યાં એની નીચેથી કેટલાય વીંછીઓ નીકળતા, પણ એક પણ વીંછી રામદાસને કરડ્યો ન હતો. આ જંગલમાં રામની આજ્ઞાથી રામદાસ દોઢ મહિનો રહ્યા. અહીંનો વસવાટ રામની કૃપાથી બહુ આહ્લાદક નીવડ્યો પણ એક દિવસ રામનો આદેશ આવ્યો કે હવે આગળ જા અને રામદાસ ત્યાંના લોકોની ઘણી નામરજી છતાં ત્યાંથી નીકળી પડ્યા.

જૂનાગઢ પહોંચી સ્વામીજી એક રામમંદિરમાં ઊતર્યા. આ મંદિરમાં સ્વામીજી આઠેક દિવસ રહ્યા. બીજા પણ છ સાધુઓ ત્યાં તે વખતે હતા. આમાંના એક સાધુને પંદરેક દિવસથી તાવ આવતો હતો. ઘણા ઈલાજ કરવા છતાં તાવ ઊતરતો ન હતો. તે સાધુએ સ્વામીજીના આશીર્વાદ મેળવવા ઘણો આગ્રહ રાખ્યો તેથી સ્વામીજીએ કહ્યું: ''સર્વનો રખેવાળ રામ તારું રક્ષણ કરો ને તને કાલે જ સારો કરી દો.'' અને બીજે દિવસે તો તે સાધુ હરતોફરતો થઈ ગયો. આને ચમત્કારમાં ગણી લેતાં આશ્રમમાં સનસનાટી ફેલાઈ ગઈ. સહુ કોઈ એમના તરફ માન ને પ્રેમથી વર્તવા લાગ્યા. ત્રણચાર દિવસ થયા ત્યાં બીજો એક સાધુ માંદો પડ્યો. એના અતિ આગ્રહથી રામદાસે બીજી વાર રામને

પ્રાર્થના કરી. આ સાધુને પણ બીજે દિવસે સારું થઈ ગયું ! સાચે જ રામ, રામનામ અને સંતની કૃપા અને શક્તિની કોઈ સીમા જ નથી.

તે પછી તે આશ્રમ છોડી એક કાશીગિરિજીના આશ્રમમાં સ્વામીજી ગયા. રામદાસે ગિરનાર ચડવાની ઈચ્છા વ્યક્ત કરતાં કાશીગિરિજી અને બીજા છ સાધુઓ સાથે આવવા તૈયાર થયા. એ બધાના સંગમાં સ્વામીજી ગિરનાર પર છેક ગુરુ દત્તાત્રેયનાં પગલાંના સ્થાન સુધી જઈ આવ્યા. ઊતરતી વખતે રસ્તામાં આવેલી કેટલીક ગુફાઓમાં રહેતા મહાત્માઓનાં દર્શન કર્યાં. નીચે ઊતરી દાતાર મસ્જિદની પણ મુલાકાત લીધી.

જૂનાગઢથી સ્વામીજી એક સજ્જનના સાથમાં વેરાવળ ગયા. જે શેઠને ત્યાં ગયા તે ભારે તાવમાં પટકાઈ પડ્યા હતા. મિત્રોની વિનંતીથી સ્વામીજીએ આશીર્વાદ આપ્યા અને બીજે દિવસે તો શેઠ દુકાને જઈ શક્યા એટલી હદે આરામ થઈ ગયો. લોકો આ બધામાં સ્વામીજીનો ચમત્કાર જોતા હતા, પણ સ્વામીજી તો તેમાં રામની ઈચ્છા ને કૃપા જ માનતા હતા.

સોમનાથનાં દર્શન કરી બીજે દિવસે પ્રાચી પણ જઈ આવ્યા. પ્રાચી જવા માટે વેરાવળના શેઠે બળદગાડીની વ્યવસ્થા કરી હતી, પણ બળદને પડતો માર જોઈ કરુણામૂર્તિ સ્વામીજી નીચે ઊતરી ગયા અને ચાલતા જ પ્રાચી સુધી ગયા.

વેરાવળથી જૂનાગઢ પાછા આવ્યા. સ્વામીજીની ઈચ્છા જૂનાગઢ છોડવાની હતી, પણ જૂનાગઢના મિત્રોએ સ્વામીજીને થોડા દિવસ રોકાવા વિનંતી કરી. કશી પણ દખલ વગર પોતે આખો દિવસ રામભજન કરી શકે તેવી એકાંત જગ્યા મળે તો

રોકાવા સ્વામીજી તૈયાર થયા. ગિરનાર જવાને રસ્તે ભરજંગલમાં જૂનાગઢથી ચારેક માઈલ દૂર તદ્દન એકાંત જગ્યામાં આવેલા મુચકુંદ ઋષિના આશ્રમમાં આવી અનુકૂળતા લાગી, તેથી સ્વામીજી ત્યાં દસ દિવસ રહ્યા. આ સ્થાન ભયાનક ગણાતું, પણ રામનો સાથ હોય ત્યાં સ્વામીજીને ભય કોનો લાગે ?

જૂનાગઢથી પોરબંદર પહોંચ્યા અને ત્યાં અત્યંત ભાવપૂર્વક શ્રીકૃષ્ણસખા સુદામાનું સ્મરણ કરતાં શ્રીકૃષ્ણમંદિરનાં દર્શન કર્યાં. પોરબંદરથી બીજા પાંચ સાધુઓના સંગાથમાં ચાલતાં દ્વારકા જવા રવાના થયા. મૂળ દ્વારકા, ગોમતી દ્વારકા અને અંતે બેટ દ્વારકા પહોંચ્યા. દ્વારકાધીશના મંદિરમાં મૂર્તિની સન્મુખ લગભગ બે કલાક સમાધિમગ્ન દશામાં રહ્યા. દ્વારકાથી પાછા ફરતાં રસ્તામાં થોડીક તકલીફ પડી, પણ સ્વામીજીના ચિત્ત પર તેની કશી અસર ન હતી. એક સ્ટેશનેથી ગાડી પકડી. આ ગાડી સીધી મુંબઈ જતી હતી. રસ્તામાં સ્વામીજીને સાથેના મુસાફરો તરફથી માયાપૂર્ણ વર્તનનો જ અનુભવ થયો.

### પ્રકરણ ૭

## અને પાછા દક્ષિણમાં

મુંબઈમાં સ્વામીજીએ વિદ્યાર્થી અવસ્થામાં અભ્યાસ કર્યો હતો તેથી સ્થળ પરિચિત હતું. રાત્રે ઊતરી ભૂલેશ્વરના મંદિરનાં પગથિયાં પર રાત ગાળી, સવારે નજીકમાં આવેલી જાનકીબાઈની ધર્મશાળામાં ગયા. સવારમાં સ્વામીજીના હાથમાં

એક જણે ચિઠ્ઠી આપી. આવી ચિઠ્ઠી તે માણસે બીજા છ સાધુઓને પણ આપી. ''તમને બધાને એક શેઠે પોતાને ત્યાં ભોજન માટે આમંત્ર્યા છે.''

યજમાનને ઘેર બધા પહોંચ્યા. ત્યાં સાથે આવેલા સાધુઓમાંથી એકે સ્વામીજીને કહ્યું: ''સ્વામીજી, મારી ચિઠ્ઠી રસ્તામાં ક્યાંક પડી ગઈ લાગે છે અને મારે બે દિવસના ઉપવાસ છે. ચિઠ્ઠી વિના મને જમાડશે કે નહીં ? રામદાસે ગુપચુપ પોતાની ચિઠ્ઠી પેલા સાધુને આપી દીધી અને ત્યાંથી પ્રફુલ્લ ચિત્તે નીકળી ગયા. રસ્તામાં એક પ્રૌઢ માણસ મળ્યા, જે પોતાના એકમાત્ર યુવાન પુત્રના અવસાનથી લગભગ ગાંડા જેવા થઈ ગયા હતા. સ્વામીજીએ તેમને પંદર મિનિટ સુધી રામમંત્રનો જપ કરાવ્યો. પેલા ભાઈને શાંતિ મળતી લાગી, ખૂબ રાજી થતાં તે સ્વામીજીથી છૂટા પડ્યા.

થોડા દિવસ મુંબઈમાં રોકાઈ ત્યાંથી નાશિક પહોંચ્યા. નાશિકમાં પંચવટીનાં દર્શન કર્યાં, ગોદાવરીમાં સ્નાન કર્યું, તે પછી જ્યાં લક્ષ્મણે શૂર્પણખાનું નાક કાપ્યાનું મનાય છે તે તપોવનનાં દર્શન કર્યાં. તપોવનમાં એક રાત્રિ એક ગુફામાં ભજન કરતાં કરતાં જ વિતાવી.

બીજે દિવસે નાશિકથી સોળ માઈલ પર આવેલા ત્ર્યંબકેશ્વરનાં દર્શન કરવા નીકળ્યા. ત્યાંનું મંદિર તથા આસપાસની જગ્યા જોઈ તેમને કેદારનાથ અને બદરીનાથનું સ્મરણ થયું. ગામની આજુબાજુ ઊંચા પહાડો આવેલા છે. આમાંના ઘણા પર સ્વામીજી ચડી આવ્યા. તેમાં બ્રહ્મગિરિનું ચડાણ તો કદી ન વીસરાય તેવું હતું.

અહીં જટાશંકર નામના એક સ્થાને જતી એક કેડી એક સાધુએ સ્વામીજીને બતાવી ત્યાં જવાની ભલામણ કરી. એક બ્રાહ્મણના સાથમાં સ્વામીજી ત્યાં જવા ઊપડ્યા. એક પહાડની ટોચે પહોંચ્યા. આખો પહાડ એકદમ સીધો ને ઊંચો હતો. તેના ઢાળ પરથી ઊતરવામાં મોતનું જોખમ હતું પણ સ્વામીજીને એ બાજુ જવાનું ભારે આકર્ષણ થયું. નિર્ભય અને બેફિકર સ્વામીજી આ ભયંકર ઢાળમાં ઊતરવા લાગ્યા. એકાએક એમના ડાબા હાથમાં પકડેલું ઘાસ સરક્યું અને ડાબો પગ સરક્યો. ભયંકર પળ હતી, પણ સ્વામીજીની સ્વસ્થતા એવી ને એવી જ હતી અને મુખથી ઉચ્ચ સ્વરે રામનામનો જપ ચાલુ હતો. મુશ્કેલીથી સમતોલપણું જળવાયું. જટાશંકર સ્થાન તો ન જ મળ્યું અને પાછા ત્ર્યંબકેશ્વર આવ્યા.

નાશિકથી સ્વામીજી પંઢરપુર પહોંચ્યા. પંઢરપુરમાં વિઠોબાના મંદિરના ભક્તિમય વાતાવરણમાં સ્વામીજી ડૂબી જતા. ત્યાં પાંચ દિવસ રહી નજીક આવેલા મંગલવેધ ગામે ગયા. ચારસો વર્ષ પહેલાં અહીં વિઠોબાના પરમ ભક્ત દામાજી થઈ ગયેલા. મંગલવેધથી સ્વામીજી બિજાપુરને રસ્તે ઊપડ્યા. રસ્તામાં આવતાં ગામડાંઓમાં સ્વામીજીને સતત લોકોનો ભાવપૂર્ણ સત્કાર મળતો રહ્યો. બિજાપુરમાં સ્વામીજીને ભિક્ષામાં કોઈએ એક આનો આપેલો. આ એક આના જેવી નાની રકમ જ્યારે સ્વામીજીએ રસ્તામાં મળેલા એક ગરીબ માણસને આપી દીધી ત્યારે તે માણસ ગદ્‌ગદ થઈ ગયો અને પોતાના કુટુંબની અતિ દુઃખી સ્થિતિનો સ્વામીજીને ખ્યાલ આપ્યો. દેશમાં ગરીબ અને દલિત લોકો કેવા ભૂખમરાથી પીડાય છે તેની કથાએ સ્વામીજીના

મનમાં ખૂબ કરુણા જન્માવી.

બિજાપુરથી હુબલી જવા રવાના થયા. હુબલીમાં તે વેળા શ્રીસિદ્ધારૂઢ સ્વામી નામના સંત રહેતા હતા. તેમનાં દર્શન કરી રામદાસ તેમના મઠમાં દસ દિવસ રહ્યા અને ત્યાંના પંડિત સાધુઓનો સત્સંગ કર્યો. મેંગલોર અહીંથી નજીક હતું. મેંગલોરમાં રામદાસના કુટુંબને કોઈ મારફત સમાચાર મળ્યા કે વિઠ્ઠલરાવ અહીં સાધુના વેશમાં રહે છે. આ સમાચાર મળતાં સ્વામીજીનાં પૂર્વાશ્રમનાં પત્ની રુકમાબાઈ અને પુત્રી રમા એમને લેવા આવ્યાં. સિદ્ધારૂઢ સ્વામીએ પણ રામદાસને મેંગલોર જવાની સલાહ આપી. આ આજ્ઞા રામ તરફથી આવે છે એમ માની સ્વામીજીએ તે સ્વીકારી.

રુકમાબાઈએ તો સ્વામીજીને ફરી સંસારમાં રહેવાની વિનંતી કરી, પણ સ્વામીજીએ તે ન સ્વીકારી. પરંતુ સ્વામીજી તેમના સાથમાં મેંગલોર તો ગયા. બંદરે ઊતરીને સ્વામીજી સીધા કદરી પર્વત પર આવેલી પાંચ પાંડવની ગુફામાં રહેવા ગયા. સ્વામીજીએ પોતાના પૂર્વાશ્રમના પિતા અને પછીથી ગુરુ બનેલા બાલકૃષ્ણરાવનાં દર્શન કરી ધન્યતા અનુભવી. પાંચ પાંડવોની ગુફામાં રામનાં સતત કથન, ચિંતન અને લેખનમાં સ્વામીજી પોતાનો સમય વિતાવવા લાગ્યા.

## પ્રકરણ ૮

# આશ્રમસ્થાપના, પ્રવાસો, મહાનિર્વાણ

અદમ્ય મુમુક્ષુવૃત્તિ અને કઠોર સાધનાને પરિણામે સ્વામીજીને એક જ વરસમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. સામાન્ય રીતે સ્વામીજી પોતાના અનુભવો કે સાધના વિશે ખૂબ જ ઓછું જણાવે છે. પણ પ્રસંગોપાત્ત એવી કોઈ વાત નીકળે ત્યારે તેમના અનુભવો વિશે કંઈક જાણવા મળી જાય. સ્વામીજીની દષ્ટિથી ઈશુ ખ્રિસ્ત, હજરત મહંમદ પયગંબર વગેરે પણ ઈશ્વરના અવતાર જ હતા અને તેમને માટે પણ તેમનો એટલો જ આદરભાવ હતો. કુરાન અને બાઈબલનો તેમનો અભ્યાસ ઊંડો અને અત્યંત શ્રદ્ધા તથા ભક્તિભાવથી પૂર્ણ હતો. યુરોપના પ્રવાસ દરમિયાન સ્વામીજીએ એક પાદરી સમક્ષ ચાલુ વાતના સંદર્ભમાં હિમાલયની ગુફામાં પોતાને થયેલાં ઈશુ ખ્રિસ્તનાં દર્શનનું વર્ણન કરેલું.

ઉગ્ર સાધનાને અંતે થયેલા ઈશ્વર-સાક્ષાત્કાર પછી સ્વામીજીએ લોકોને ઈશ્વરાભિમુખ કરવાના કાર્યને પોતાનું જીવનધ્યેય બનાવ્યું. સ્વામીજીએ ઈશ્વરની શોધમાં પોતે કરેલા પ્રવાસનું વર્ણન કરતું પુસ્તક 'ઈશ્વરની શોધમાં' લખ્યું. આ પુસ્તકે અનેક લોકોને સ્વામીજીના વિચારોના સત્સંગ તરફ વાળ્યા.

૧૯૨૮માં સ્વામીજીના ભાઈ આનંદરાવે એમને માટે એક આશ્રમ બાંધ્યો. આ આશ્રમ આનંદાશ્રમ-કાસરગોડથી ત્રણ

કિલોમિટર દૂર પયસ્વિની નદીના કિનારે આવેલો હતો. ત્યાં સ્વામીજી દોઢ વરસ રહ્યા. તે પછી તેમનાં શિષ્યા માતાજી કૃષ્ણાબાઈ તેમની સાથે રહેવા આશ્રમમાં આવ્યાં અને આશ્રમની બધી વ્યવસ્થાનો ભાર તેમણે ઉપાડી લીધો. ૧૯૩૧માં આશ્રમનું સ્થળ બદલી મંજપટીની ટેકરી પર લઈ ગયા. આશ્રમનું નામ તો એનું એ જ ચાલુ રહ્યું. આ આશ્રમની આસપાસની જગ્યા આજે રામનગર નામથી ઓળખાય છે.

મેંગલોર-મદ્રાસ લાઈન પર અને મેંગલોરથી ૭૨ કિ.મિ. દક્ષિણે કનહનગઢ નામનું સ્ટેશન આવેલું છે. આ સ્ટેશનથી રામનગર આઠ કિ.મિ. દૂર છે. આશ્રમ બહુ સુંદર જગ્યાએ આવેલો છે. આશ્રમનાં બારણાં હરકોઈ અતિથિ માટે હંમેશાં ઉઘાડાં છે. ત્યાં સ્પૃશ્ય-અસ્પૃશ્ય, બ્રાહ્મણ-શૂદ્ર કે ધનવાન-નિર્ધન જેવા ભેદો નથી. થાકેલાને ત્યાં આરામ મળે છે; તપ્ત હૃદયોને શાંતિ મળે છે અને રોગીને આરોગ્ય મળે છે. સ્વામીજી અને માતાજી કૃષ્ણાબાઈએ વર્ષો સુધી પોતાના નિર્મળ પ્રેમની વર્ષા કરી આશ્રમની પવિત્રતા અને આકર્ષણમાં ભારે વૃદ્ધિ કરી છે.

આશ્રમમાં ઈશ્વરભક્તિ ઉપરાંત અન્ય કેટલાંયે જનસેવાનાં કાર્યો ચાલે છે. શિક્ષણ, ગોપાલન, ઈસ્પિતાલ, ઉદ્યોગશાળા વગેરે જાત જાતની પ્રવૃત્તિઓ આશ્રમે પોતાના કાર્યક્ષેત્રમાં અપનાવી છે. સ્વામીજીની હયાતીમાં સ્વામીજીનાં દર્શન અને જ્ઞાનનો લાભ લેવા દૂર દૂરથી અનેક કોમ, વર્ણ તેમ જ ધર્મના લોકો આવતા રહ્યા. આશ્રમ તરફથી 'ધ વિઝન' નામનું એક અંગ્રેજી તથા 'विश्वप्रेम' નામનું એક મરાઠી એમ બે માસિકો ચાલે

છે. સ્વામીજીના દેહવિલય પછી કૃષ્ણાબાઈએ આશ્રમનું સંચાલન એટલા જ ઉચ્ચ સ્તરે ચાલતું રાખી આશ્રમની ખ્યાતિમાં ઉમેરો કર્યો છે.

સ્વામીજીએ પોતાની ઈશ્વરશોધની યાત્રા પછી અને આશ્રમમાં રહીને પ્રવૃત્તિઓ શરૂ કર્યા પછી, ભક્તોના આગ્રહથી વખતોવખત પ્રવાસો ચાલુ રાખ્યા હતા. ૧૯૩૭, ૧૯૩૮ અને ૧૯૪૯માં ભારતના વિવિધ ભાગોમાં પ્રવાસ કરી ભક્તોને સાધનામાં પ્રેરણા આપી અનેક લોકોને ઈશ્વરાભિમુખ કર્યા. તે પછી ૧૯૫૪માં સ્વામીજીએ માતાજી કૃષ્ણાબાઈ અને અન્ય ત્રણ સાથીઓ સાથે પાંચ મહિનાનો વિશ્વપ્રવાસ કર્યો. આ પ્રવાસમાં યુરોપના સાત દેશો: યુ.એસ.એ., હવાઈ ટાપુઓ, જાપાન, હૉંગ કૉંગ, થાઈલૅન્ડ, મલાયા અને સિલોન એમ જગતના ત્રણ ખંડોને આવરી લીધા.

સ્વામીજીના ભારતપ્રવાસોની જેમ આ વિશ્વપ્રવાસ પણ અત્યંત સફળ રહ્યો. હિન્દુ, ખ્રિસ્તી અને બૌદ્ધ ધર્મના અનેક વિદ્વાનો, ધર્મગુરુઓ અને ભાવિક લોકો સાથે વ્યાપક પ્રમાણમાં વ્યક્તિગત તેમ જ સમૂહગત રૂપમાં સંપર્ક સાધી, સ્વામીજીએ તેમને ઉત્તમ કક્ષાનું માર્ગદર્શન આપ્યું. તેમના પારદર્શક અને અત્યંત પવિત્ર વ્યક્તિત્વે સૌને પ્રભાવિત કર્યા અને અનેકને સાધનાના માર્ગમાં વાળ્યા અથવા તો તેમની સાધનાનો વેગ વધાર્યો.

સ્વામીજીએ અત્યંત સરળ શૈલીમાં પોતાના અનુભવ અને વિચારો વર્ણવતાં ઘણાં પુસ્તકો લખ્યાં છે; તેમ જ તેમની ઉપદેશ-વાણીનાં સંકલનો પણ થયાં છે. આ પુસ્તકો અંગ્રેજી

ભાષા ઉપરાંત ભારતની કેટલીક ભાષાઓમાં પણ પ્રગટ થયાં છે, જેમાંથી લાખો લોકો પ્રેરણા મેળવતા રહ્યા છે.

આવા દિવ્ય આત્માનો તા. ૨૫-૭-૧૯૬૩ના રોજ પરમ જ્યોતિમાં વિલય થયો. આજે સ્વામીજી પાર્થિવ દેહરૂપે આપણી વચ્ચે નથી, પણ તેમનાં કાર્યો, ઉપદેશો અને પુણ્ય સ્મૃતિરૂપે તેઓ સતત આપણી સાથે જ છે.

૧૯૮૪માં તેમના પ્રાદુર્ભાવને એકસો વર્ષ થતાં હોવાથી એ તેમની જન્મશતાબ્દીનું વર્ષ હશે. એમની જન્મશતાબ્દીના પુણ્ય વર્ષમાં એમના જીવન, સાધના તથા સ્વાનુભવમાંથી પ્રગટેલી વાણીમાંથી પ્રેરણા મેળવી આપણા જીવનને ઉન્નત બનાવવાનો સંકલ્પ કરી તેમને આપણે ઉચિત શ્રદ્ધાંજલિ અર્પીએ.

## પ્રકરણ ૯

# સ્વામીજીના વ્યક્તિત્વની કેટલીક વિશેષતાઓ

* ભગવાનમાં અવિચળ શ્રદ્ધા
* ભગવાન સમક્ષ સંપૂર્ણ સમર્પણ ભાવ
* પોતે રામનો દાસ છે એવી નમ્ર ભક્તભાવના
* બધું જ રામની ઈચ્છાથી થાય છે એવું સમજી તેમને સોંપી દેવું અને કોઈ પણ વાતનો વિચાર કે યોજના જાતે ન કરતાં રામને સોંપી દેવી
* નિરંતર રામનામસ્મરણ
* મોટા ભાગનો સમય રામમાં તન્મય સ્થિતિમાં જ રહેવું -

આસપાસનો ખ્યાલ ઘણો ઓછો હોવો

* રામ જે કરે છે તે સારા માટે જ એવી દઢ ભાવના
* જડ, ચેતન, સ્ત્રી, પુરુષ, સ્પૃશ્ય, અસ્પૃશ્ય, હિન્દુ, મુસ્લિમ - સૌમાં રામનાં જ દર્શન થવાં
* તમામ ધર્મો માટે એકસરખો આદરભાવ, -ઈશુ ખ્રિસ્ત, મહંમદ, બુદ્ધ - સૌ માટે ભારે શ્રદ્ધાભાવ
* ધર્મપરિવર્તન કરવાની વાતમાં વિશ્વાસ નહીં
* અહંકારનો સંપૂર્ણ અભાવ - એક બાળક જેવું નિર્દોષ વ્યક્તિત્વ
* સર્વ પ્રત્યે સમભાવ - ભેદદષ્ટિ નહીં
* દુનિયામાં બધામાં માત્ર સારપ જ જોવી. કોઈનામાં દોષ છે એવો વિચાર જ મનમાં ન આવવા દેવો
* સંપૂર્ણ અભયભાવ
* પરિણામે ચકિત કરી દે તેવી સાહસિક વૃત્તિ
* નિરંતર પ્રસન્નતા, હસમુખો સ્વભાવ
* જેમાં ભય અને સંકટ હોય એવાં કાર્યનો ખાસ શોખ
* ભારે તિતિક્ષા - કઠોર શારીરિક કષ્ટો સહન કરવાની શક્તિ
* વિદ્વત્તા કરતાં સાધના અને શુદ્ધ વ્યવહારને વધુ મહત્ત્વ આપવાનું વલણ
* સાધુઓ પ્રત્યે ખૂબ આદરભાવ
* ટ્રેનના પ્રવાસોમાં કેટલીય વાર ટિકિટચેકરોના હાથે ભારે કનડગત; પણ દરેક પ્રસંગે મનનું સમત્વ અને સહનશીલતા
* પ્રવાસમાં બધે જ વગર માગ્યે કોઈ ને કોઈ સહાયક મળી જ રહેવો. સ્વામીજીના મતે રામ પર ચિંતા છોડવાનું આ

પરિણામ

* કોઈના પણ ખરાબ વર્તન માટે ધિક્કારનો ભાવ નહીં - પ્રેમભાવ જ
* અત્યંત ભાવપ્રધાન, લાગણીપ્રધાન, પરિણામે એમનાં રચેલાં ભક્તિસ્તોત્રમાં સુંદર કાવ્યત્વ

*

## પ્રકરણ ૧૦

# સ્વામીજીની વાણી

* તમારા અને આસપાસની સૃષ્ટિના જીવનના રહસ્યપૂર્ણ મૂળમાં પ્રવેશવા પ્રયત્ન કરી, તમારું સાચું સ્વરૂપ શું છે તેનું જ્ઞાન મેળવવું એ જ સાચી શોધ છે. આ સત્યને પામવા માટે તમારે ચિંતન અને શિસ્તની પદ્ધતિસરની પ્રક્રિયા દ્વારા શરીર, મન તથા બુદ્ધિ વડે સર્જાયેલી તમામ માનવીય મર્યાદાઓ ઓળંગી જવાની છે; ત્યાર બાદ ચૈતન્ય તત્ત્વના પ્રદેશમાં કદમ માંડીને તમારા અવિનાશી, અવિકારી અને પરમાનંદમય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો છે. આ આખી સાધના એટલે ધર્મ.

* ધર્મ એ ઈશ્વરને મેળવવાનો એક રસ્તો છે. તેથી બધાય ધર્મોનું ધ્યેય એક જ છે. એક ધર્મની પ્રશંસા કરવા માટે બીજાની નિંદા કરવી, એક જ ધર્મ સાચો છે અને બીજા બધા ધર્મો ખોટા છે એવું પ્રતિપાદન કરવું, અથવા તો એક જ ધર્મગુરુ કે પયગંબરે

મોક્ષનો માર્ગ બતાવ્યો છે અને બીજા બધાઓ ઢોંગી છે કે પોતાના આધ્યાત્મિક સાક્ષાત્કારમાં અધૂરા છે એમ કહેવું તે ગાઢ અજ્ઞાન બતાવે છે. હિંસામાં પરિણમતા ધાર્મિક ઝઘડાઓ તથા ધિક્કાર ફેલાવનારાં કાર્યોનું કારણ આવું અજ્ઞાન તથા ધર્માંધતા જ છે.

* સાચો ખ્રિસ્તી તે છે, જે આખી માનવજાત પ્રત્યે પોતાના ભાંડુ સમાન પ્રેમ રાખતાં શીખ્યો છે. સાચો હિંદુ તે છે, જે બધાંને પોતાના જ અમર આત્માનાં સ્વરૂપો તરીકે જુએ છે. સાચો બૌદ્ધ તે છે, જે સમગ્ર માનવજાત પ્રત્યે પોતાનો પ્રેમ વિકસાવે છે અને સાચો મુસલમાન તે છે, જે માનવજાતના બધા જ લોકો સાથે સંબંધ તથા ભાઈચારો રાખે છે.

* જીવન એટલે અખંડપણે ચાલતી અનુકૂલન અને પુનઃ અનુકૂલનની કામગીરી. સપાટી ઉપરથી જોતાં તે સતત પરિવર્તન પામ્યા કરતી ગતિ જ જણાય છે, પણ એના ઊંડાણમાં સંપૂર્ણ અક્ષુબ્ધતા, શાંતિ અને નિઃસ્તબ્ધતા છે. વિશ્વની ગતિ અનંત શાંતિ અને વિરામની સ્થિતિમાં ઊઠેલો એક તરંગ છે, તેથી જેમાંથી તે ઉદ્ભવી છે એ મૂળ તત્ત્વનો સ્વભાવ તેનામાં પણ રહેલો છે. આમ હોવાથી જડ કે ચેતન તમામ વસ્તુઓનો આદિ, મધ્ય અને અંત પરમાનંદ જ છે.

* જીવનના મહત્ત્વને તથા જીવનની પ્રકૃતિને વિશ્વ સાથે સંબંધ છે એમ સમજાય છે ત્યારે જીવનનો એક સુંદર અર્થ ને હેતુ મળે છે. જ્યારે જીવનના પ્રત્યેક અંશ ને વૈવિધ્યમાંથી તે (અર્થ ને હેતુ) પ્રગટવા લાગે છે અને ચોમેર શુદ્ધ અને આપમેળે જ છલકતા પ્રેમનો શાંતિદાયી પ્રકાશ વેરવા લાગે છે ત્યારે તેની

ઉચ્ચતમ ભવ્યતા છતી થાય છે.

* જગત તો બધો વખત જગત જ છે. જેમાં તમામ પ્રકારનાં પ્રાણીઓ અને ઘટનાઓનું અસ્તિત્વ છે એવા જગતનો વિનોદી સ્વભાવ તો જેવો હોવો જોઈએ તેવો જ છે. જરૂર છે તમારામાં પરિવર્તન લાવવાની. આમ કરવાથી તમારી સાચી દૃષ્ટિ ખૂલશે અને જગતને તમે ભગવાનની લીલાના રૂપમાં જોવા લાગશો. ભગવાનની નિરપેક્ષ સત્તામાં તમારા સાપેક્ષ અસ્તિત્વનો લય કરી દેવાથી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ભગવાનનું અખંડ સ્મરણ રહેવું એ આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનો માર્ગ છે.

* બાહ્ય પ્રકૃતિના ખેલમાં કહેવાતા વિકારો, હાનિ અને નિષ્ફળતા અનિવાર્ય છે. જો આવું ન હોત તો વિશ્વમાં ચાલતો આ દિવ્ય ખેલ પણ આપણી સામે ન હોત. એટલે શાંત ભાવથી જોતાં એક સાક્ષીના રૂપમાં આ બધું નિહાળ્યા કરો અને તમામ ભાવોને પોતામાં સમાવતા ભગવાનના સ્વરૂપ સાથે તમારી એકતા અને અદ્વૈત અનુભવો. જીવનમાં તમારી પરિસ્થિતિમાં જે ચડતીપડતી આવે એ બધામાં ભગવાનની ઇચ્છા સમક્ષ પૂર્ણ સમર્પણનો ભાવ રાખી, આ ખેલમાં ભગવાનને તમારે ભાગે જે ભૂમિકા નક્કી કરી હોય તે ભજવતા રહો.

* તમને જેનો જન્મસિદ્ધ હક છે એવી શાશ્વત સ્થિતિને પામો. આ જીવનમાં આ સ્થિતિની પ્રાપ્તિથી લેશ પણ ઓછું તમારું લક્ષ્ય અને ધ્યેય હોવું ન ઘટે. આ સિવાયનું બીજું બધું દુઃખ અને ભયથી ભરેલું છે. ઓ બંધુ ! તું પરમ સુખ પામવાને જ જન્મ્યો છે; પરમ સુખનો ભંડાર તો તારી અંદર જ છે. એને છલકાવા દે અને તારા સંપૂર્ણ અસ્તિત્વને એમાં ડુબાડી દે. તારી

અંદર જ જ્યારે ઝળહળતો કોહિનૂર હીરો છે ત્યારે શા માટે કાચના ટુકડાઓમાં આસક્ત થઈને એમાં રાચે છે ? એ તો તારા માટે જ છે, જાણી લે કે એ તારામાં છે; અરે, તું જ તે છે.

* ભગવાનને મેળવવા માણસ આરંભમાં જુદાં જુદાં તીર્થો અને પવિત્ર સ્થાનોમાં જાય છે, પણ આખરે તો એ એને પોતાના હૃદયમંદિરમાંથી મળી આવે છે. તીર્થસ્થાનોમાં પણ તે જે આનંદનો અનુભવ કરે છે તે વાસ્તવમાં તો એની પોતાની અંદર જ રહેલા અવિનાશી સ્રોતમાંથી છલકાતો આનંદ હોય છે. સત્ સ્વરૂપ ભગવાન તમારી અંદર જ છે. અખંડ સ્મરણની સહાયતાથી આવી જાગૃતિ હંમેશાં ટકે તેમ કરો.

* ઈશ્વરનો સાક્ષાત્કાર એટલે સર્વત્ર, સર્વ વસ્તુઓમાં, સર્વ પ્રાણીઓમાં, સર્વ ભાવનાઓ, વિચારો, કાર્યો અને મનના આવેગોમાં રામને જોવા.

* ભગવાન આપણને અમુક ચોક્કસ રૂપમાં દર્શન આપે એવી પ્રાર્થના કરવાની જરૂર નથી, કેમ કે આપણે આપણી સામે, આસપાસ, ઉપર, નીચે જે જોઈએ છીએ તે આખું વિશ્વ રામનું જ એક ભવ્યરૂપ છે. આપણે તો એમને એવી પ્રાર્થના કરીએ કે આપણી આસપાસ રહેલાં સર્વ પ્રાણીઓ અને પદાર્થોમાં તેમનાં દર્શન કરવાની શક્તિ આપે.

* હંમેશાં આ વાત યાદ રાખ કે જે ભગવાનની તું પ્રાર્થના કરે છે તે તારી અંદર જ અને તારી આજુબાજુ સર્વત્ર છે. એનું રક્ષણ અને કૃપા હંમેશાં તારા માટે છે. હંમેશાં જાણી રાખ કે એ અંદર રહીને તને માર્ગ સુઝાડતા રહે છે.

* જે શાંતિ માટે તમે ઝંખો છો તે તમારી અંદર જ છે. તમે

એની શોધ બહાર કરશો તો એ તમને ક્યાંય નહીં મળે. આ એક એવું મહાન સત્ય છે, જે બહુ થોડા લોકો જાણે છે.

* તમે ભગવાનનું ગમે તે નામ સ્મરતા હો, પણ ખાતરી રાખો કે અખિલ બ્રહ્માંડના અધિપતિ અને શાસક સત્તા સાથે તમે એકદમ નિકટમાં છો. એ જ માતા છે, એ જ સ્વામી છે, એ જ તમારો પ્રિયતમ છે.

* ઈશ્વર સર્વવ્યાપી છે. પરંતુ ભક્તને સર્વ સ્થળે રખડાવી સર્વત્ર એનાં દર્શન કરાવી એ આ વસ્તુ સિદ્ધ કરવા માગે છે.

* આપણે જો ઈશ્વરને જોવો હશે તો આપણી આસપાસના બધા લોકોમાં તેને જોવો પડશે અને તે બધાંને ચાહવાં જોઈશે તથા તેમની સેવા કરવી પડશે. તે જ સાચી ઈશ્વરભક્તિ છે. ઈશ્વર કાંઈ દૂર આવેલા સ્વર્ગમાં નથી, પરંતુ હંમેશ તે આપણી સાથે જ છે. આપણે જો ઈશ્વરને પ્રાર્થના કરીશું અને તેનું સ્મરણ કરીશું તો આપણે જરૂર તેનો અનુભવ કરી શકીશું.

* કુદરતી સૌંદર્ય તે સ્વયં ઈશ્વરનું જ રૂપ છે.

* પરમાત્મદર્શન એટલે જગતથી દૂર ભાગવું એમ નહીં, પણ એ જગત પોતે જ પરમાત્મામાંથી ઉત્પન્ન થયેલ, પરિદશ્યમાન પરમાત્માનું સ્વરૂપ છે તેમ જોવું અને તેના તે સ્વસ્વરૂપ રૂપ સર્વ ભૂતપ્રાણીની સેવા કરવી અને તેમ કરવામાં પ્રભુની ઈચ્છાને પોતે સંપૂર્ણપણે શરણે જઈને કરે છે તેમ સમજવું તે છે.

હંમેશાં એવું માનો કે તમે ભગવાનના બાળક તેમ જ દાસ છો અને ભગવાન એકીસાથે તમારી માતા તેમ જ માલિક છે. તમે હમેશાં તેના રક્ષણ નીચે છો; સુરક્ષિત, સુખી અને આત્મવિશ્વાસથી ભરપૂર છો; એવા ભાવથી જીવો. તમે જે કોઈ

પરિસ્થિતિમાં મુકાયા હો તે બધી જ સારી માનો, કેમ કે એ તમને પ્રેમસ્વરૂપ માતા અને માલિક તરફથી મળી છે. તમારા જીવનની પ્રત્યેક ઘટના ભગવાન દ્વારા સરસ રીતે યોજાઈ છે. ચિંતા છોડી દો. તેમના આદેશ પ્રમાણે વર્તો. તમારી માની લીધેલી જુઠી જવાબદારીમાંથી મુક્ત થઈ જાઓ. જેણે પોતાની જાત ભગવાનને સમર્પિત કરી દીધી છે એ અત્યંત સુખી છે, કારણ કે તેણે શાશ્વત અને પરમ આનંદનું ઝરણું પોતાની અંદર જ મેળવી લીધું છે. પરમ આનંદના આ કેન્દ્રની શોધ કરો અને પામો.

* દિવ્ય રામમંત્રની શક્તિ અવર્ણનીય છે. એની સહાયથી તમે સ્વયં મૃત્યુને પડકારી શકો. હંમેશાં નિર્ભય અને મુક્ત રહો. સકળ શક્તિ અને શાંતિના મૂળ ઉદ્‌ગમસ્થાન એવા ભગવાન તમારી માતા, તમારા સખા અને તમારા સ્વામી છે અને એ સદાય તમારી રક્ષા કરવા અને માર્ગ ચીંધવા તમારી સંગાથે છે એમ દઢપણે માનો.

* ડગલે ને પગલે રામ સંભાળ રાખી રહ્યો છે. પોતાના ભક્તોની સંભાળ જેવી ભગવાન રાખે છે તેવી તો એક માતા પણ પોતાના નવા જન્મેલા બાળકની નહીં રાખતી હોય.

* તમે જેવા છો તેવા પ્રભુને શરણે જાઓ. એવું કંઈ નથી કે પ્રથમ આપણે આપણી જાતને પવિત્ર કરી નાખવી જોઈએ અને પછી જ પ્રભુને શરણે જવું જોઈએ. હકીકતે તો પ્રભુએ આપણને પવિત્ર બનાવવા જોઈએ. આપણે તો, એક બાળક જેમ તેની માતા પાસે દોડી જાય, તે રીતે પ્રભુ પ્રત્યે જવાનું છે. જો બાળક મેલથી ખરડાયેલી હાલતમાં તેની માતા પાસે જાય તો તેની

માતા તેને હડસેલી કાઢતી નથી, તેમ જ તે બાળકને સાફ થઈને પછી આવવાનું કહેતી નથી. તે તો બાળકને તેડી લે છે, તેને નવરાવે-ધોવરાવે છે, તેને સાફ કરે છે. આપણા આ સંસારમાં રહેલી માતા કરતાં તો પરમાત્મા વધુ દયાળુ ને વાત્સલ્યવાળા છે.

* યાદ રાખો કે ભગવાન કોઈને દંડતો નથી. ભગવાન તો પ્રેમસ્વરૂપ અને દયાનિધાન છે. આપણા સંશયો જ આપણા શત્રુઓ છે, તેમનું જ આ સર્વ તોફાન છે. જેને આપણે પાપ કહીએ છીએ તે આપણી કૃતિ છે.

* ખરું પૂછો તો આપણે ઈશ્વરને પ્રેમ કરવાનો નથી હોતો, પણ ઈશ્વર જે સ્વયં પ્રેમસ્વરૂપ છે તે આપણા હૃદયમાં બિરાજે છે તે જાણવું જોઈએ. આપણામાં વસેલા એ વિરાટ પ્રેમને શરણે જવાથી આપણે પોતે પ્રેમસ્વરૂપ બની જઈએ છીએ. પછી તો કેવળ પ્રેમ આપણામાંથી નીતરે છે. વસ્તુતઃ આપણે સાક્ષાત્ પ્રેમની મૂર્તિ બની જઈએ છીએ.

* હે રામ ! જ્યારે તારો સર્વશક્તિમાન હાથ કામ કરે છે ત્યારે, વિઘ્નમાત્ર નહીંવત્ થઈ જાય છે; તારા એક સ્પર્શથી આખું વિશ્વ ઘડીમાં પલટાઈ જાય છે.

* કર્મનો નિયમ ઘડનાર ઈશ્વર છે. જો ઈશ્વર પોતે તે કર્મના નિયમને હટાવી ના શકે તો પછી તે નિયમ ઈશ્વર કરતાં મોટો ગણાય. પરંતુ આમ તો હોય નહીં. એટલે કર્મના નિયમને તોડવાની શક્તિ ઈશ્વર પાસે હોવી જોઈએ. એક રાજા કાનૂન ઘડે છે કે ખૂન કરનારને મોતની શિક્ષા થશે; છતાં રાજાને માફી બક્ષવાની સત્તા છે. જે કાયદો તે પોતે ઘડે છે તે તેનાથી વધુ

સત્તાવાન હોઈ શકે નહીં. સામાન્ય રીતે ઈશ્વર વચ્ચે પડતો નથી. તે તો કર્મને છૂટથી ફળ આપવા દે છે. પરંતુ કેટલાક વિશેષ સંયોગોમાં કર્મના કાયદાનું ઉલ્લંઘન કરીને પણ ઈશ્વર કૃપા કરે છે અને જીવાત્માને કર્મના બંધનમાંથી છોડાવે છે.

* પ્રેમમાંથી પ્રેમ પ્રગટે છે. પ્રેમ એ જ જીવન છે. પ્રેમ જ સત્ય છે. ઊંચામાં ઊંચી પ્રાપ્તિ પ્રેમ છે. ઊંચામાં ઊંચું ધ્યેય પ્રેમ છે.

* રામ બધાનો રખેવાળ છે. પછી ભય, ચિંતા કે એકલતાનો ભાવ શા માટે ? રામ સદા આપણી પાસે જ રહે છે.

* આ સંસારનાં સર્વ દુઃખોનો રામબાણ ઈલાજ પ્રેમ છે.

પ્રેમ તો સાધનાનો અંત છે. જ્યારે તમારામાં પ્રેમનો ઉદય થશે ત્યારે તમારી સાધના પૂરી થશે. સાધના તો આપણા અહંકારને દૂર કરવા માટે છે, જે આપણા લક્ષ્ય - પ્રેમ - તે મેળવવામાં અવરોધરૂપ છે.

* ગીતામાં દર્શાવેલ વિશ્વરૂપ દર્શનની ભાવના જ વિશ્વ માટેનો પ્રેમ આપણામાં પ્રગટાવી શકે. આવું દર્શન કે પ્રેમ, શાશ્વત આનંદ અને શાંતિ આપે છે. ભગવાનને પ્રેમ કરવો એટલે વિશ્વમાં બધાંને પ્રેમ કરવો અને વિશ્વમાં બધાંને પ્રેમ કરવો એટલે ભગવાનને પ્રેમ કરવો. આત્મસાક્ષાત્કાર કે મુક્તિનો આ જ મર્મ છે અને રામનામ આ માટેનો ઉપાય છે.

* ભક્તિમાં વૃદ્ધિ થાય તે માટે ત્રણ વસ્તુઓ જરૂરી છે:

(૧) રામના નામનું અખંડ સ્મરણ

(૨) તમામ પ્રાણી અને પદાર્થમાં રામને જોવા

(૩) જે વિપત્તિ કે વિષાદ આવે તેનો શાંત ચિત્તથી અને

વિરોધભાવ લાવ્યા વગર સ્વીકાર કરવો.

* દીનદુ:ખીની સેવા એ ભગવાનની ભક્તિ છે. આ જ સાચો યજ્ઞ છે. આના વડે તમે તમારું જીવનદર્શન વ્યાપક કરો છો અને સાચી મુક્તિ અને સુખ પામો છો. જ્યારે તમારાં બધાં કર્મો આપમેળે સ્ફુરિત અને પરમ આનંદદાયી બને ત્યારે તમારી અસલ અવિનાશી અને આનંદમયી સ્થિતિની અનુભૂતિ કરો.

* રામની કામ કરવાની રીત એટલી તો અકળ છે કે આમ શા માટે અને શી રીતે થયું એવો સવાલ ઉઠાવવો સાવ નકામો છે. રામ જે કંઈ કરે છે તે હંમેશાં ઉત્તમ હેતુથી જ કરે છે. હંમેશાં આવું જ સમજતા રહીને એમની ઈચ્છાને તાબે થવું એ જ આપણી ફરજ છે. ભંગ કે દખલ વગર તેમનું સતત સ્મરણ રાખવું એ તેમની ઈચ્છાને તાબે થવા સમાન છે. આ જ છે આત્મસમર્પણ.

* રામની કસોટી હંમેશાં ઓચિંતી જ આવે છે. આપણે એને માટે સર્વદા તૈયાર રહેવું જોઈએ અને જે કંઈ આવી પડે તે ધીરજથી અને પૂર્ણ શ્રદ્ધાથી વધાવી લેવું જોઈએ. એમ કરવાથી ભય, દુ:ખ કે નિરાશાને સ્થાન જ નથી રહેતું.

* રામની કૃપા હોય તો સર્વની કૃપા વરસે છે, કારણ રામ જ સર્વમાં છે.

* હે રામ ! જેને તારી છાયાનું છત્ર છે એવા તારા દાસને કોણ કશી પણ ઈજા કરી શકે ?

* ઈશ્વરકૃપા જ્યારે થાય છે ત્યારે આપણને તરત જ તેની ખબર પડે છે. આપણું અંતર એકદમ નિર્મળ બને છે અને કોઈના પણ પ્રત્યે આપણને ઘૃણા થતી નથી. પૃથ્વી ઉપરનાં

પ્રાણીમાત્ર ઉપર આપણો પ્રેમ ઊભરાઈ જાય છે અને પ્રથમ કદી નહીં અનુભવેલા વિરલ આનંદનો આપણને અનુભવ થાય છે.

* અવિચલ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે અપનાવવામાં આવેલા સાહસી અને મક્કમ માર્ગ ઉપર સફળતાનો આધાર છે. ઢચુપચુપણું એ સફળતાના માર્ગનો મોટામાં મોટો અંતરાય છે. સર્વશક્તિમાન પ્રભુનું સર્વાત્મ ભાવે શરણ સ્વીકારી તમારે કયો માર્ગ લેવો છે તેનો નિશ્ચય કરવો જોઈએ અને પછી અડગ ખંતથી અનુકૂળતા કે પ્રતિકૂળતા વચ્ચે તેમાં આગળ વધવું જોઈએ. આવું કદમ ઉઠાવો ત્યારે એક તમારી જાત સિવાય આ સંસારમાં કોઈની પણ મદદ કે માર્ગદર્શન પર આધાર ન રાખો. તમામ બાબતમાં ભગવાન જ તમારો સહાયક અને માર્ગદર્શક છે.

* તમારી શ્રદ્ધામાં તમે નિ:શંક અને દઢ હો તો, ભય કે ચિંતાઓ તમારા કોઈ પણ કામને સ્પર્શી ન શકે. ભગવાન સર્વશ્રેષ્ઠ દાતા છે અને એનામાં શ્રદ્ધા રાખનારાને ભટકવાનું રહેતું નથી. તમારે માત્ર આટલું જ કરવાનું રહે છે: એની ઈચ્છાના તાલે તમારી ઈચ્છાને મેળવી દો, એની દિવ્ય જ્યોતિ અને જ્ઞાનમાં તમારી ચેતનાને એક કરી દો, એની અનંત સત્તામાં તમારા અસ્તિત્વનો લોપ કરી દો. આટલું કરતાં જ તમે જીવનની કોઈ પણ સ્થિતિમાં સંપૂર્ણ સુરક્ષિત બનશો.

* તમને જે કંઈ શક્તિ આપવામાં આવી હોય તેનો ઉપયોગ તમારે આનંદપૂર્વક આ સૃષ્ટિના રૂપમાં રહેલા ભગવાનની સેવા માટે કરવાનો છે. સંસારનાં દુ:ખો દૂર કરવામાં પોતાનું જીવન અર્પણ કરનારા દરેક મહાન આત્માનો અનુભવ એવો જ રહ્યો છે કે એ માર્ગે ખૂબ સહેવું પડે છે. તેથી પોતાના જીવનનું બલિદાન

આપવું એ સંસારભરના સંતોનું એક સામાન્ય લક્ષણ રહ્યું છે. તેલ, પોતાના જીવનનું બલિદાન આપે છે ત્યારે જ, દીવો પ્રકાશ આપી શકે છે. 'સતત આપતા જ રહો.' પ્રકૃતિની પાછળ કામ કરતા શાશ્વત તત્ત્વનો નિયમ જ છે 'સતત આપતા રહો.' જીવનનું સંપૂર્ણ સૌંદર્ય જ એના આવા ઉત્તમોત્તમ સમર્પણ ભાવમાં છે.

* તમે એક વખત ભગવાનનું શરણ સ્વીકાર્યું તો પછી તમામ શંકાઓ અને ચિંતાઓ છોડી દો. તમારે તો એમ સમજવું કે તમારા જીવનને ભગવાન જે રસ્તે લઈ જવાનું નક્કી કરે એ હંમેશાં સારા માટે જ હોય છે. સાંસારિક માનઅપમાનને એમના નિર્ણયો સાથે કશો સંબંધ નથી. તમારે મુક્ત ભાવે અને જરા પણ દિલચોરી કર્યા વગર તમારું જીવન એમના હાથમાં સોંપી દેવું જોઈએ. ચિંતા અને અજંપાને તમે દૂર ન હડસેલી દો ત્યાં સુધી ભગવાન તમારી સહાયતા માટે હરગિજ નહીં આવે. શરણાગતિ એટલે પૂર્ણ શાંતિ અને અક્ષુબ્ધતાની સ્થિતિ. પરમાત્માની ઈચ્છા આગળ સંપૂર્ણ સમર્પણથી આવી સ્થિતિ પ્રાપ્ત થાય છે.

* તારું જે કંઈ હોય તે રામને ચરણે ધરી દે અને સંતોષથી બેસી રહે; પછી કોઈ દુઃખ તારી નજીક આવવાની પણ હિંમત નહીં કરે.

રામના સમર્થ છત્ર નીચે તું સલામત છે. યાદ રાખ, કેવળ રામની ઈચ્છા જ સર્વોપરી છે; એને તાબે થા અને એ ઈચ્છા આગળ નમન કર.

જે થવાનું હોય તે ભલે થાય. જે થાય છે તે બધું રામ જ કરે

છે અને રામ જે કંઈ કરે છે તે ભલા માટે જ હોય છે.

* આપણે સદાય પ્રભુની સંભાળ તળે તથા રક્ષણ નીચે છીએ. આપણે ત્યજાયેલા નથી, તેમ જ આપણી સંભાળ લેવાતી નથી એવું પણ નથી. પરમાત્મા સંપૂર્ણ પ્રેમસ્વરૂપ છે, એ બાબતમાં આપણને શંકા રહે છે તેનું કારણ એ છે કે પ્રભુનો આપણા પર જે અગાધ પ્રેમ છે તે પ્રેમથી આપણે વાકેફ નથી. એક વખત તો આપણને સર્વથા એવું જ્ઞાન થાઓ કે પ્રભુ જ એકમાત્ર આપણો આશ્રય છે, આપણા પર તે સદૈવ દૃષ્ટિ રાખે છે, આપણને માર્ગદર્શન આપે છે અને સ્નેહથી આપણી સંભાળ લે છે. આ હકીકત છે, તો ચાલો આપણે પ્રભુને શરણે જઈએ અને સદાયે પ્રભુને અખંડ સ્મરણમાં રાખતા રહીએ.

* અમુક માણસ એમ કહે છે કે શરણાગતિ એ નિર્બળતાનું ચિહ્ન છે. રામદાસ તો એમ કહે છે કે શરણાગતિ એ શૂરવીરનો માર્ગ છે (હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને). લોકો ધારે છે તેમ શરણાગતિ, એ સહેલી વાત નથી. અહંકાર નિર્મૂળ કરી નાખવો એ ઘણું કઠિન છે અને અહંકારને નિર્મૂળ કરવા માટે શરણાગતિ એ એકમાત્ર ઉપાય છે. પરમાત્મા સુધી પહોંચવા માટે એ એકધારો રસ્તો છે.

* કર્મ પોતા થકી સારું કે ખરાબ હોતું નથી. જે ભૂલ થાય છે તે એ છે કે તે કર્મનો કર્તા અમુક એક ક્તિ છે તેમ માનવામાં આવે છે. હકીકતે તો પ્રત્યેક કર્મના કર્તા પરમાત્મા જ છે. આ રણે આપણા પર કરજરૂપે આવી પડેલા કર્મનો આપણે અ દર ન કરવો જોઈએ. બધાં જ કાર્યોને પ્રભુને ચરણે ધરી દેવાં જોઈએ, કેમ કે પરમાત્મા જ સર્વ કર્મના પ્રણેતા છે. તમે જ

ચીજવસ્તુઓના સ્વામી બનો, પણ ચીજવસ્તુઓને તમારા સ્વામી ન બનવા દો, જ્યારે તમને કોઈ પાસેથી કંઈ પણ વસ્તુ ભેટરૂપે મળે ત્યારે તે પરમાત્મા તરફથી તમને મળી છે તેમ માની તેનો સ્વીકાર કરો અને જ્યારે એવો સમય આવે કે તે ચીજવસ્તુથી તમારે વિખૂટા થવું પડે તો તેવે વખતે, તમે જેવા આનંદથી તે સ્વીકારી હતી તેવા જ આનંદ સાથે તે વસ્તુ સોંપી દો. એમ સમજો કે જેણે તમને તે વસ્તુ આપી હતી તેને હવે પાછી સોંપી દો છો. આ જ દષ્ટિએ તમે સર્વ લાભાલાભનો વિચાર કરો. પ્રભુ જ લઈ લે છે. દેનારો અને લેનારો એ જ છે.

* શ્રીરામને પામવાનો સરળમાં સરળ માર્ગ એમના સૌથી શક્તિમાન એવા નામનું સ્મરણ કરવું એ છે. 'સ્મરણ એટલે જેને તમે ભૂલી ગયા છો તે યાદ કરવું. તમે ભૂલી ગયા છો કે તમે રામનું જ સ્વરૂપ છો, તમે હંમેશાં રામ જ છો. પણ તમારા અજ્ઞાને તમને તમારા સાચા સ્વરૂપનું વિસ્મરણ કરાવ્યું છે. અવિરત અને અખંડરૂપે રામનું સ્મરણ તમારા આવા અજ્ઞાનને દૂર કરે છે અને અંતે તમને ભાન કરાવે છે કે તમારું સાચું સ્વરૂપ રામ અને રામ જ છે, એમના સિવાય બીજું કશું નથી. આ સ્થિતિ પામવા માટે તમારું મન એકદમ વિશુદ્ધ હોવું જોઈએ. આ મહાન નામનો જપ એ જ આ માટેનો ઉપાય કે સાધના છે. શ્રીરામ આગળ સમર્પણ કરવામાં સૌ પ્રથમ આવશ્યકતા છે શુદ્ધ મનની. શ્રીરામને માટે ઉદ્દામ અને ઉત્કટ પ્રેમ રાખો. રામ માટેનો તમારો પ્રેમ જેટલો ઉત્કટ હશે એટલું અવિરત ને અખંડ તમારું નામસ્મરણ આપોઆપ જ થવા લાગશે, કેમ કે મનની એવી પ્રકૃતિ છે કે જેને તે ખૂબ ચાહતું હોય તેનું સ્મરણ કરે.

* બધા મંત્રોમાં એક જ સરખી શક્તિ રહેલી છે. 'શિવ'ના મંત્રમાં 'રામ'ના મંત્ર જેટલી જ શક્તિ છે. રામ અને શિવ વચ્ચે કોઈ ભેદ છે એવો ભાવ ન રાખો. ગીતા જેને 'પુરુષોત્તમ' શબ્દથી ઓળખાવે છે તે તેનું દ્યોતક નામ છે. આ 'પુરુષોત્તમ' એટલે જે એકીસાથે પુરુષ અને કૃતિ છે અને વળી આ બંનેથી શ્રેષ્ઠતર છે. આ પુરુષોત્તમના અનંત ગુણોનું ધ્યાન ધરો. એને પહેલાં તમારા અંતરમાં અને પછી વિશ્વમાં સર્વત્ર પામવાનો યત્ન કરો. કોઈ એક રૂપવિશેષમાં આસક્તિ ન રાખો. શંકા ન કરો અને પ્રશ્નો ઊભા ન કરો. તમારા હૃદયમાં રહેલા ભગવાન તમારા રક્ષક અને માર્ગદર્શક છે. એ તમારાં પિતા, માતા અને સર્વસ્વ છે.

* ભગવાનનાં બધાં નામો મહાન અને શક્તિશાળી છે. તેમ છતાં 'રામ' એ નામનું આંતરિક મૂલ્ય આગવું જ છે. મંત્ર માટે લય એ સૌથી મહત્ત્વની વસ્તુ છે, કારણ કે એક કે વધુ શબ્દોના સતત ઉચ્ચારણમાંથી ઉદ્‌ભવતા ચિત્તાસામક મધુર સંગીતની, આમતેમ ભટકતા મન પર અદ્‌ભુત અસર થાય છે. તમામ શબ્દોમાં 'રામ' શબ્દના ઉચ્ચારણમાંથી પ્રગટતો ધ્વનિ સૌથી વધુ મોહક છે. 'રામ' શબ્દના બે અક્ષરોની તુલનામાં બીજો કોઈ શબ્દ નથી કે જેના બે અક્ષરોને સાથે ઉચ્ચારવાથી એના સંવાદી સંગીત વડે મનને આટલી શાંતિ મળે. એ પણ સાચું કે પવિત્ર ૐકાર જેટલી જ શક્તિ 'રામ' નામમાં છે. વળી ભક્ત, ભગવાનને તેમના સગુણ રૂપ દ્વારા પામવાનો પ્રયત્ન કરે છે અને રામ ભગવાનના એક અવતારનું નામ છે, તેથી તે ભક્તને વધુ અનુકૂળ જણાય છે. આ બધાં કારણો જોતાં રામદાસને લાગે છે

કે ભગવાનનાં બધાં નામોમાં જપ માટે 'રામ' નામનો સ્વીકાર વધુ વ્યાપક પ્રમાણમાં છે.

* 'ૐ શ્રીરામ જય રામ જયજય રામ' મંત્રનો અર્થ.

ૐ એટલે નિરાકાર સત્ય. શ્રી એટલે દૈવી શક્તિ. 'રામ' એટલે ઈશ્વર – જે સત્યસ્વરૂપ તેમ જ સર્વશક્તિમાન છે. 'જય રામ' એટલે જય હો ! અને 'જયજય રામ' એટલે 'જય હો ! જય હો ! તે ઈશ્વરનો.' આમ આખા મંત્રનો અર્થ થાય : ''જે અનાદિ સત્ય તેમ જ સર્વશક્તિમાન છે એવા ઈશ્વર ! તારો જય હો, જય હો !''

આપણા હૃદયમાં જ્યારે ઈશ્વરનો વિજય થાય છે ત્યારે અંધકારમાત્ર અદશ્ય થઈ અહંભાવનો પરાજય થાય છે.

* તમારી પૂજાના પાત્ર અર્થાત્ ઈશ્વર માટે અત્યંત પ્રેમ અને ભક્તિભાવે જપ કરવા જોઈએ. જપ કરવાની ટેવ જેમ જેમ પડતી જશે તેમ તેમ સ્વાભાવિક રટણ થતું જશે અને તેથી અપરિમિત આનંદ તમારા હૃદયમાં ઉત્પન્ન થશે. બીજાઓએ લાદેલી એક સાધનારૂપે તમારે તે કરવી જોઈએ નહીં. જપ કરવામાં તમને આનંદ ન આવતો હોય તો તમે જપ કરતા નહીં, કારણ એ રીતે જપ કરવાથી તમને કાંઈ લાભ થવાનો નથી. કેવળ યંત્રની જેમ ઈશ્વરના નામનો જપ આપણને મદદ કરે છે તેવું નથી, પરંતુ સ્વાભાવિક પ્રભુ પ્રત્યે ઉદ્ભવતા પ્રેમ સાથે કરેલો તેના નામનો જપ જ ઉપયોગી છે.

* નામજપ કરતી વેળા એનો હિસાબ રાખવામાં પડશો નહીં. ગણતરી કરવા જતાં ભક્તિના કેન્દ્રવર્તી ભાવમાંથી મન ચલિત થઈ જશે. પરિણામે તમે મનની એકાગ્રતા સાધવામાં પાછા

પડશો. કોઈ પણ સમયે અને કોઈ પણ સ્થળે નામસ્મરણ કરતા જ રહેવાનો નિયમ રાખો. ભગવાનનું નામ લેવા બાબતમાં સ્થળ કે કાળ બાબતનો કોઈ નિષેધ નથી.

* રામનામ ભારે ચમત્કારી છે ! એની શક્તિનો કોઈ પાર નથી. રામનામમાં સંપૂર્ણ શ્રદ્ધા એટલે તમામ પાપ, શંકા અને પીડામાંથી મુક્તિ.

* ઈશ્વરનું નામ શું કરી શકે છે તે લોકો જાણતા નથી. જેઓ તેનું સતત રટણ કરે છે તેઓ જ તેની શક્તિને જાણે છે. તે આપણા મનને સંપૂર્ણ રીતે નિર્મળ કરી શકે છે. બીજી સાધનાઓ જ્યારે આપણને અમુક કક્ષાએ લઈ જઈ શકે છે ત્યારે ભગવાનનું નામ તો આપણને આધ્યાત્મિક અનુભૂતિની ટોચ પર લઈ જઈ શકે છે.

* મનને એકાગ્ર કરવાનો સહેલામાં સહેલો રસ્તો છે રામના મધુર, ભવ્ય, દિવ્ય નામનું અખંડ સ્મરણ.

* રામનું નામ જપવું એટલે શુદ્ધ નિર્મળ આનંદનો જ અનુભવ.

જ્યાં રામનો જપ થાય છે, રામનું ચિંતન થાય છે ત્યાંથી શોક, દુઃખ ને મૃત્યુ પણ ભાગી જાય છે.

* રામનામમાં અવિચળ શ્રદ્ધા રાખો. રામનામ તમને દુઃખ, અશાંતિ અને શંકાની સ્થિતિમાંથી પરમ સુખ, શાંતિ અને અભયયુક્ત આત્મવિશ્વાસની સ્થિતિમાં સ્થાપશે.

* ખરેખર રામનામમાં અદ્‌ભુત સામર્થ્ય છે. આ જ નામે એક લૂંટારાને મહાન ઋષિ વાલ્મીકિમાં ફેરવી નાખ્યો છે. આ જ નામે કબીરદાસ, તુલસીદાસ, રામદાસ અને એવા અનેકને

સંસારસાગર તરવામાં સહાયતા કરી છે. એ મહાન નામ અમૃત-શું મધુર છે. જ્યારે રામની કૃપાથી આ નામ કોઈના મન અને જીભ પર દઢપણે વસી જાય છે ત્યારે, એ માણસ ધન્ય બની શાશ્વત મુક્તિ, સુખ અને શાંતિ પામે છે.

* આ વાત પર પાકો વિશ્વાસ રાખો કે ભગવાનનું નામ સર્વ શક્તિસંપન્ન છે. તમામ ઉપદ્રવોમાં તમારું રક્ષણ તો એ કરશે જ, ઉપરાંત તમને સહનશીલતા અને શાંતિ પણ આપશે. નામનું શરણ એટલે ભગવાનનું શરણ, કેમ કે ભગવાન અને એમના નામ વચ્ચે કોઈ ભેદ નથી. મુખમાં નામનો જપ રાખીને તમે જીવનનાં તમામ સંકટો સામે ટક્કર લઈ શકો, જીવનમાં આવતા તમામ ભય, તમામ નિરાશાઓ અને તમામ હાનિ સામે બહાદુરીથી ઊભા રહી શકો.

* જ્યાં ભગવાનનું નામ લેવાય છે ત્યાં તમામ પ્રકારની પવિત્રતા, શક્તિ અને સદ્‌ગુણોનો વાસ છે.

* જે ગૃહસ્થ છે અને આધ્યાત્મિક સાધક પણ છે, તેને માટે નામસંકીર્તન અને ભજન એ તેનો મુખ્ય આધાર હોવો જોઈએ. પ્રભુના નામ અને ગૌરવના ગુણગાન વડે તેનું ગૃહ ગુંજતું રહો. તેવા ગૃહમાંનું આધ્યાત્મિક વાતાવરણ સદાયે તે ઘરમાં રહેનારાઓના શારીરિક તથા માનસિક ઉભય પ્રકારનાં સ્વાસ્થ્ય ઉપર ઉપકારક અસર પાડનારું હશે. તેવા ગૃહમાં તો નિર્મળ સુખાનંદની ગંગા છલકાતી હોય છે. ખરેખર નામ પોતે જ પ્રભુ છે. પ્રભુનું નામ જ્યાં પ્રેમભક્તિ વડે ગવાય છે ત્યાં પ્રભુ હાજર હોય છે.

* જેના મુખમાં રામનામ છે તે બ્રાહ્મણ કરતાં પણ વધારે પવિત્ર છે.

* શ્રીસમર્થ રામદાસે સાધકને ખાતરી આપતાં કહ્યું છે કે જો સાધક 'શ્રીરામ જય રામ જયજય રામ' એ મંત્ર તેર કરોડ વખત જપી જાય તો તે સાધકને શ્રીરામનાં દર્શન થશે, શ્રીસમર્થ રામદાસે જે મંત્ર કહ્યો છે તેના પ્રારંભે ૐ નથી, જ્યારે રામદાસ (સ્વામીજી) તમને જે મંત્ર આપે છે તે છે: ૐ શ્રીરામ જય રામ જયજય રામ'. ૐમાં વર્ણવી ન શકાય તેટલી આધ્યાત્મિક શક્તિ છે. આ કારણે રામદાસ પોતાના જાતઅનુભવ પરથી તમને કહે છે કે ૐકાર સહિત આ મંત્રનો છ કરોડ વખત જપ કરવાથી તમે મુક્તિ મેળવશો. જ્યાં સુધી લક્ષ્ય સિદ્ધ ન થાય ત્યાં સુધી એ મંત્ર બધો જ સમય જપ્યા કરો. તમે જે મંત્ર જપો તેની સંખ્યા ગણવાની જરૂર નથી. જ્યારે મંત્રજાપ છ કરોડની સંખ્યાએ પહોંચશે ત્યારે આપોઆપ તમને રામનાં - પરમાત્માનાં-દર્શન થશે. રામનામ જપવું એ તમારા પ્રભુને પ્રત્યક્ષ કરવાનો ઉપાય છે.

* પ્રાર્થના એ તો કર્મની પાર્શ્વભૂમિ છે.

* પ્રાર્થના બહુ સરળ અને પોતાની જ ભાષામાં હોવી જોઈએ. પ્રાર્થના માટે આપણે પારકી ભાષા ઉછીની લેવાની જરૂર નથી. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તેની સાથે આપણું તાદાત્મ્ય સતત ચાલુ રહે અને છેવટે આપણી અંદર તેમ જ સર્વત્ર તેની પ્રત્યક્ષતા પ્રકટ કરે. આ એક સરળ પ્રાર્થના છે.

* રામ આગળ સંપૂર્ણ સમર્પણની સ્થિતિમાં બધાં કર્મ કરો. આમ કરશો તો એ કર્મોનાં પરિણામમાંથી તમે સંપૂર્ણપણે મુક્ત રહેશો. તમારામાં કર્તૃત્વભાવ લાગ્યા વગર નિર્વૈયક્તિક રૂપે થયેલાં આવાં કર્મો એ જ સાચો કર્મયોગ છે.

* પ્રાર્થના અને કાર્યનો સમન્વય એ જ સાચું જીવન છે. જ્યારે આપણાં હૃદય ભગવાન સાથે તન્મય હોય અને આપણા હાથ કામ કરવામાં રોકાયા હોય ત્યારે ઈશ્વર તેની કૃપા આપણા ઉપર વરસાવે છે.

* આપણે ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીએ તો બધું બની શકે. આપણા મન સિવાય બીજી કોઈ પણ બહારની પરિસ્થિતિ આપણને ઈશ્વરપ્રાપ્તિના પ્રયત્નમાં રોકી શકે તેમ નથી.

* કેટલાક લોકોને પોતાને પાપી તરીકે ઓળખાવવાનું ગમે છે. તેમને એમાં આનંદ મળતો હોવો જોઈએ. જો એમ ન હોય તો તેઓ પોતાને માટે આવું શું કામ કહે ? પોતાને પાપી તરીકે ઓળખાવે છે ત્યારે તેઓ ભગવાનનું જ સીધું અપમાન કરે છે. આ તો ભગવાનના અસ્તિત્વનો ઈન્કાર કર્યા બરાબર ગણાય. ભગવાન છે એવું તમે માનતા હો તો પછી તમે સદ્ગુણની મૂર્તિ છો કે દુષ્ટતાનો પહાડ છો એ જાણવાની તમને કશી ન પડી હોય. તમે તો માત્ર એટલું જ સમજો કે ભગવાને તમને જેવા બનાવ્યા તેવા તમે છો. તમને પાપી સમજવામાં તો તમે તમારા જીવનવાદ્યમાંથી પાપ, દુ:ખ અને મૃત્યુનો એક જ સૂર કાઢતા રહો છો. આમ ન કરો અને તમારા જીવનવાદ્યમાંથી શાંતિ, આનંદ અને અમરત્વનું ગીત ગાવા લાગો.

ક્યારેય ભયથી સંકોડાઈ ન જાઓ, ક્યારેય ખુશામત કરીને કૃપા ન યાચો. કોઈ તમારાથી હલકું નથી અને તમે પણ કોઈનાથી હલકા નથી.

* અત્યંત હલકા મનોવિકારો આક્રમણ કરે ત્યારે શાંતિ અને આનંદના દાતા રામ સાથે તેમને તત્કાળ જોડી દો અને એ વિકારો

એકદમ તમારી પાસેથી નાસી જશે.

* ભૂતકાળને વાગોળ્યા ન કરો. ભૂતકાળમાં જે કંઈ થયું છે તે સારા માટે થયું છે, એટલે એ વિશે વિચાર કરવાની જરૂર નથી. ભવિષ્ય બાબતમાં કોઈ વિચાર કે ચિંતા પણ ના કરો. જે કંઈ બનવાનું હશે તે તમારી અનિચ્છા હશે તોપણ બનશે જ. ઠંડા અને સ્વસ્થ ચિત્તથી કોઈ પણ પ્રકારની સ્થિતિને સામી છાતીએ મળવા તૈયાર રહો. ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું જ રામના હાથમાં છે.

* જે બોલો તેમાં પૂરી ચોકસાઈ અને નીડરતા રાખો. તમારી વાણી પ્રગટ ચિંતન (loud thinking) જેવી રાખો. જ્યારે બોલો ત્યારે અનંત પરમાત્મા સાથે સંવાદિતા જાળવીને બોલો. તમારાં બધાં કર્મો અને વાણીમાં આવી સ્થિતિ સાધો. આટલું કરવાથી તમે ભગવત્‌શક્તિની વચ્ચે જ જીવી રહ્યા હશો.

* પ્રત્યેક ઘડીએ બદલાતું મનુષ્યનું મન જગતની કોઈ પણ પાર્થિવ વસ્તુથી સ્થાયી સંતોષ પામી શકતું નથી. એક સમયે પ્રિય લાગતી વસ્તુ બીજી ઘડીએ અપ્રિય લાગે છે. હમણાં જે વસ્તુની જરૂર લાગે છે તે જ વસ્તુ થોડા સમય પછી અનાવશ્યક લાગે છે. આથી મનુષ્ય પાસે સર્વદા સુખી થવાનો માર્ગ એક જ છે કે, ઈશ્વર તેને જે સ્થિતિમાં મૂકે તેમાં જ સંતોષ માની બધું તેના ઉપર છોડી તેની ઇચ્છાને અધીન બની જીવન વ્યતીત કરવું. સંજોગો બદલવાથી આપણે સાચું સુખ મેળવી શકતા નથી.

* જેમ પુરુષને ઈશ્વરી તત્ત્વ માટે ઝંખના હોય છે તેમ સ્ત્રીને પણ હોય છે. તેથી સ્ત્રીઓને પણ નિર્વાણ કે મોક્ષના માર્ગે જવાની પૂરતી તક આપવી જોઈએ. આપણા ભારતમાં પરમ

સાક્ષાત્કારની સ્થિતિએ પહોંચેલી સ્ત્રીઓના ઘણા દાખલા છે. આપણે ત્યાં મૈત્રેયી, ગાર્ગી, અનસૂયા, શબરી, વૃંદાવનની ગોપીઓ, મીરાંબાઈ, જનાબાઈ, મુક્તાબાઈ, આંડલ, અવ્વાયર તથા શારદાદેવી થઈ ગયાં છે. યુરોપમાં સંત ટેરેસા, સંત ક્લેશ, સંત મેરી, સંત મોનિકા, સંત બાર્બરા તથા બીજાં ઘણાં થઈ ગયાં. આજે પણ આપણી વચ્ચે આનંદમયી માતાજી, મધર મીરાં, ગોદાવરી માતા, રમાબાઈ અને કૃષ્ણાબાઈ જેવાં છે.

* **પ્રશ્ન :** થોડા જ સમયમાં કોઈ જગદ્‌ગુરુનો જન્મ થશે તે સાચું છે?

**સ્વામીજી :** જો બધા લોકો ઇચ્છે કે કોઈ મહાન ગુરુ આવે, તો તે જરૂર આવશે. આવા ગુરુઓ લોકોની ઇચ્છા પ્રમાણે જ આવે છે. લોકોના બોલાવ્યાથી અપ્રકટ સત્ માનવદેહ ધરીને પ્રકટે તે જ અવતાર.... આપણા બોલાવ્યા વિના તે નથી આવતો. ઈશ્વર અદૃશ્ય રૂપે સર્વત્ર હોવા છતાં પણ, આપણે બોલાવીશું તો જ અવતાર રૂપે આવશે.

* જ્યાં ભગવાનના નિમિત્તે સેંકડો લોકો મળતા હોય ત્યાં તમને ખરેખર વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વની સાચી ભાવનાનો અનુભવ થશે. આવા વાતાવરણમાં એક એવા ઉદાત્ત આનંદનો તમે આસ્વાદ કરશો જે તમામ પ્રકારના ભેદ અને ભિન્નતાના ભાવથી પર હશે. તમારા અસ્તિત્વની પાછળ રહેલી અવિનાશી સત્તાની તમને અહીં અનુભૂતિ થશે અને તમે એના અવર્ણનીય આનંદમાં ડૂબી જશો. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો એ જ માનવજીવનનો સૌથી મહાન હેતુ છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો

એટલે આપણા અસલ રૂપનો સાક્ષાત્કાર કરવો, પરમાત્મા અને સૃષ્ટિ, પરમાત્મા અને આત્મા એ કંઈ ભિન્ન ભિન્ન નથી. એક પરમાત્મા જ બધું રૂપ ધરીને આપણી આસપાસ રહેલા છે.

* પહેલાં સત્સ્વરૂપ પરમાત્માને બુદ્ધિની મદદથી સમજીએ પણ અંતે તો તેનો સાક્ષાત્કાર, અનુભૂતિ જ કરવાની રહે છે. એ સત્સ્વરૂપનો પરમ આનંદ અનુભવાય એ માટે અત્યંત તીવ્ર ઇચ્છા હોવી એ સૌથી પહેલી જરૂરિયાત છે. આવી તીવ્ર ઝંખના સેવશો તો તમે માત્ર બુદ્ધિ દ્વારા મળતા આનંદોની પેલે પારનો પરમ આનંદ અને મુક્તિ અનુભવશો.

* ધ્યાન દરમિયાન રામના મંત્રનો માનસિક જપ કરતા રહો. ભગવાનના ભવ્ય ગુણોનું એ મંત્ર સાથે સ્મરણ રાખો. કેટલોક સમય આવો અભ્યાસ કર્યા પછી મંત્રનો જપ બંધ કરી શકો, જેથી સંકલ્પ-વિકલ્પોના એક પણ તરંગ વગરની સંપૂર્ણ શાંત અવસ્થાને મન પામશે. આમ થાય ત્યારે અમુક સમય સુધી એમાં જ લીન રહો. તમને આ સ્થિતિમાં વિવિધ પ્રકારના પ્રકાશ દેખાય કે અંદરથી મધુર અવાજો પણ સંભળાય. આ બધાંને ઓળંગીને આગળ જ ધપો અને શરીરનું ભાન ન રહે એ સ્થિતિમાં આવો. તમારી સાધના નિયમિતરૂપે ચાલુ રાખો. ભગવાનના નામને મજબૂતીથી ચીટકી રહો. એ નામ તમને પતનની ખાઈમાં પડવાથી અને લાલચોમાં લપટાવવામાંથી બચાવશે.

અભ્યાસ દ્વારા તમે જે કંઈ મેળવવા ઇચ્છો તે મેળવી શકો. આ માટે જરૂર છે નિશ્ચય અને ખંતની. ક્યારેય તમારી જાતને નિર્બળ ન માનો. ભગવાનની અનંત શક્તિ તમારી ભીતર જ છે.

કોઈ પણ સાધનાના અભ્યાસ દરમિયાન શક્તિના આ ભંડારમાંથી શક્તિ મેળવતા રહો.

* પૂજામાં તમે ભગવાનનું ગમે તે પ્રતીક રાખો. પણ ક્રમે ક્રમે એની સહાયથી તમે અવિનાશી છો એવી ભાવના તમારામાં પ્રગટવી જોઈએ; અને એવી સ્થિતિ લાંબા સમય સુધી ટકી રહે ત્યારે કોઈ પણ બાહ્ય પ્રતીકનો આધાર લેવાની જરૂર રહેતી નથી. બાહ્ય રૂપમાં - ગુરુના રૂપમાં રહેલા ભગવાન તમને એ પરમ સત્ય માટે જાગ્રત કરી શકે, પણ આવી જાગૃતિ લાવવા માટે જરૂરી પરિસ્થિતિ તમારે જાતે જ સર્જવાની છે. આવી જાગૃતિ માટે જરૂર છે ઉત્કટ ઝંખના, સંઘર્ષ અને શિસ્તની. ગુરુઓ તો માનવજીવનના સર્વોચ્ચ લક્ષ્ય તરફ દોરી જતો માર્ગ ચીંધે છે, પણ પછી એ માર્ગ પર ચાલવાનું તો છે સાધકે પોતે જ. આ માર્ગ ઉપર હિંમતથી ચાલવા માટેની શક્તિ મળે છે - કઠોર આત્મસંયમના પાલનથી.

* પોતાના સાંસારિક મિત્રોની ચંચળ પ્રીતિ અને પોતાના નસીબ બાબતમાં રડવું તદ્દન નકામું છે. સાચું જીવન ભગવાનની અંદર શોધો અને સાચી મૈત્રી સનાતન અને પરમતત્ત્વની કરો. આ બંને શાશ્વત છે. બાહ્ય જીવનની વ્યવસ્થામાંથી પોતાને સુખ મળશે એમ માણસ જ્યાં સુધી માનતો હોય ત્યાં સુધી એના હાથમાં કદી પણ સાચી શાંતિ નહીં આવે. આવો માણસ ગમે તે પરિસ્થિતિમાં હોય પણ એના નસીબમાં તો નિરાશા અને દુઃખ જ રહેવાનાં. બરાબર વિચાર કરો અને હંમેશ માટે સમજી લો કે તમારા હૃદયમાં વસતી અવિનાશી સત્તા સાથેની ગાઢ એકતામાં જ સાચી મુક્તિ અને શાંતિ રહેલી છે.

* પ્રેમ માત્ર પ્રેમ કરીને જ બેસી રહેતો નથી, પણ પ્રેમપાત્રની સેવાના રૂપમાં વહેવા લાગે છે. પ્રેમ ત્યારે જ પરમ સુખમય બને છે જ્યારે એ નિર્બાધરૂપે પોતાને સમર્પિત કરી દેતો હોય. એટલે યોગ્ય જ કહ્યું છે, ''(પ્રેમનો) આપનારો અને મેળવનારો બંને ધન્ય છે.''

* ભગવાન દરેક વસ્તુને પોતાની રીતે જ અને પોતે નક્કી કરે તે સમયે જ નિયત કરે છે. તમારે તો એક બાળકના મુક્ત અને ખુશમિજાજભાવ સાથે કામ કરતા રહેવાનું છે અને પરિણામની બધી ચિંતા ભગવાન પર છોડી દેવાની છે. આ વિશ્વની લીલા ખેલી રહેલા ભગવાન સ્વયં પણ એક બાળક જેવા જ છે. સર્વત્ર એ અને સર્વ કંઈ ને સર્વ કોઈ પણ એ જ છે.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)